RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 108 Dt. 11-11-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

## દેશભરમાં હાઈ એલર્ટની સ્થિતિ




# લાલકિલ્લા નજીક કાર બ્લાસ્ટ : ૧૩ મોત

## આતંકી હુમલાની આશંકા : દેશભરમાં હાઈ એલર્ટ , દિલ્હી પોલીસ, NIA, NSG, FSL અને ફોરેન્સિક ટીમો ઘટના સ્થળે

નવીદિલ્હી તા. ૧૦
દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત અને ૨૪થી વધુ ઘાયલ થયા છે. મૃતકો અને ઘાયલોને દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં સારવાર ચાલી રહી છે. દરમિયાન, ડોકટરો વિસ્ફોટના પીડિતોની સારવાર કેવી રીતે કરે છે તે સમજવું મહત્વપૂર્ણ છે. દિલ્હીની જીટીબી હોસ્પિટલના ક્રિટિકલ કેર વિભાગમાં ડો. અજિત કુમાર સમજાવે છે કે કોઈપણ પ્રકારના વિસ્ફોટથી નાની કે ગંભીર ઈજાઓ થઈ શકે છે. વિસ્ફોટથી અંતરના આધારે, તેની નજીકના લોકો ગંભીર રીતે ઘાયલ થવાની શક્યતા વધુ હોય છે. વિસ્ફોટ લાલ કિલ્લા પાસે થયો હતો. વિસ્ફોટનો અવાજ ખૂબ જ જોરદાર હતો, જે ઘણા કિલોમીટર સુધી ફેલાયો હતો. વિસ્ફોટથી લાજપત રાય માર્કેટમાં આગ લાગી હતી, જેના કારણે નુકસાન થયું હતું. લાલ જૈન મંદિરને પણ નુકસાન થયું હતું, મંદિરના કાચ તૂટી ગયા હતા અને નજીકની દુકાનોના કાચ તૂટી ગયા હતા.

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક એક કારમાં બોમ્બ વિસ્ફોટ થયા બાદ દેશભરમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક પાર્ક કરેલી કારમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેની અસર દૂર દૂર સુધી અનુભવાઈ હતી, જેનાથી આગ લાગી હતી. અનેક કાર આગમાં લપેટાઈ ગઈ હતી, અને અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત અને ૨૦ થી વધુ ઘાયલ થયાના અહેવાલ છે. ઘટનાની માહિતી મળતાં, સાત ફાયર બ્રિગેડ ટીમો રવાના કરવામાં આવી હતી, અને NIA, NSG, FSL અને ફોરેન્સિક ટીમો, દિલ્હી પોલીસ સાથે, ઘટનાસ્થળે પહોંચી હતી. સમગ્ર દિલ્હીમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વિસ્ફોટનું કારણ અને કેવી રીતે થયું તે અંગે માહિતીની રાહ જોવાઈ રહી છે. પોલીસ હાલમાં પ્રાથમિક તપાસ કરી રહી છે.

લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક એક વાહનમાં થયેલા વિસ્ફોટ બાદ, દિલ્હી મેટ્રો, લાલ કિલ્લા, સરકારી ઈમારતો અને IGI એરપોર્ટ સહિત તમામ ઈઈજ્ઋ-સંરક્ષિત સ્થાપનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે, અને સુરક્ષા કર્મચારીઓ સ્ટેન્ડબાય પર છે. દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ અંગે, બલબીર નામના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, ''વિસ્ફોટ સમયે હું મારી કારમાં બેઠો હતો. વિસ્ફોટ સાંજે ૭ વાગ્યાની આસપાસ થયો. અવાજ સાંભળીને વધુ લોકો દોડી આવ્યા, તેથી હું કારમાંથી બહાર નીકળી ગયો અને ઘટનાસ્થળેથી ભાગી ગયો.

દિલ્હી પોલીસ કમિશનર સતીશ ગોલ્ચાએ જણાવ્યું હતું કે, ''સાંજે ૬:૫૨ વાગ્યે, લાલ સિગ્નલ તરફ ધીમે ધીમે આગળ વધી રહેલા એક વાહનમાં વિસ્ફોટ થયો. વિસ્ફોટથી નજીકના વાહનોને પણ નોંધપાત્ર નુકસાન થયું. અમને માહિતી મળતાની સાથે જ, બધી એજન્સીઓ - દિલ્હી પોલીસ, ગઈઅ, ગજ્ઋ, ઋજ્જક અને ફોરેન્સિક ટીમો - ત્યાં પહોંચી ગઈ. પરિસ્થિતિનું દરેક રીતે મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. દરેક તપાસ ચાલી રહી છે, અને ટૂંક સમયમાં, મૂલ્યાંકન પછી, અમે તમને તારણો જણાવીશું.

દિલ્હી લાલ કિલ્લાના વિસ્ફોટમાં સ્ટીકી બોમ્બનો ઉપયોગ થવાની શંકા છે. આ એક નાનું પણ અત્યંત ખતરનાક વિસ્ફોટક ઉપકરણ છે જેને ચુંબક અથવા એડહેસિવનો ઉપયોગ કરીને વાહન, બાઈક અથવા ધાતુની સપાટી સાથે સરળતાથી જોડી શકાય છે. તેને રિમોટ કંટ્રોલ અથવા ટાઈમર દ્વારા વિસ્ફોટ કરવામાં આવે છે. આવા બોમ્બ શોધવા મુશ્કેલ છે કારણ કે તે સામાન્ય વસ્તુઓ જેવા હોય છે. સુરક્ષા એજન્સીઓના મતે, સ્ટીકી બોમ્બ ટેકનોલોજીનો ઉપયોગ અગાઉ ઈઝરાયલી દૂતાવાસના અધિકારીઓ પરના હુમલાઓમાં કરવામાં આવ્યો છે.વિસ્ફોટનું કારણ અને ઘટના તાત્કાલિક જાણી શકાયું નથી.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે વિસ્ફોટ બાદ ઉત્તર પ્રદેશ ક્ષેત્રમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પ્રાંતીય અધિકારી અમિતાભ યશે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના તમામ વરિષ્ઠ અધિકારીઓને ધાર્મિક સ્થળો, સંવેદનશીલ જિલ્લાઓ અને સરહદી વિસ્તારોમાં સુરક્ષા વધારવા સૂચના આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશના તમામ જિલ્લાઓમાં પોલીસને એલર્ટ કરવામાં આવી છે, અને પેટ્રોલિંગ અને ચેકિંગમાં વધારો કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે આ બાબતે ગંભીરતાપૂર્વક ચર્ચા કરી હોવાનું પણ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે.

હાલમાં, ગઈઅ, દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને ફોરેન્સિક ટીમો સમગ્ર વિસ્તારની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓ આ આતંકવાદી મોડ્યુલની કડીઓ શોધવા માટે કામ કરી રહી છે. દિલ્હીમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે સવારે ફરીદાબાદના બારી માતા ખાતે છઉંડ અને અન્ય વિસ્ફોટકો મળી આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. ગુજરાતથી ઉત્તર પ્રદેશ સુધીની પોલીસે મોટી સંખ્યામાં શંકાસ્પદોની ધરપકડ કરી છે.

### ગુજરાત-રાજસ્થાન બોર્ડર સુરક્ષા વધારાઈ

દિલ્હી બ્લાસ્ટના પગલે ગુજરાત સહિતના રાજ્યોમાં હાલ સુરક્ષા વધારવામાં આવી છે ત્યારે મળતી માહિતી મુજબ ગુજરાત અને રાજસ્થાન બોર્ડર ઉપર પણ હાલ સુરક્ષા વધારી દેવાય છે એટલું જ નહીં અનેક ધાર્મિક સ્થળો જેમ કે અંબાજી, સોમનાથ મંદિરમાં પણ સુરક્ષા વધારવામાં આવી છે સાથોસાથ નાકાબંધી કરી વાહનોની ચેકિંગ પણ હાથ ધરવામાં આવી છે. હાલ દિલ્હીમાં જે બ્લાસ્ટ થયો છે તેમાં કોઈ આતંકી ગતિવિધિ હોવાનું હાલ સામે આવ્યું નથી પરંતુ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે એનએસજી સહિતની સેન્ટ્રલ એજન્સી હાલ તપાસમાં લાગી ગઈ છે અને સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરાઈ છે.

# તિરૂપતિમાં લાડુ પ્રસાદમાં વપરાતા ઘીનું કૌભાંડ

## CBIની તપાસમાં ખુલાસો થયો છે કે ઉત્તરાખંડની એક ડેરીએ પાંચ વર્ષના સમયગાળામાં તિરૂપતિ મંદિરને ૬.૮ મિલિયન કિલોગ્રામ નકલી ઘી સપ્લાય કર્યું




નવીદિલ્હી, તા. ૧૦
તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમમાં ચઢાવવામાં આવતા લાડુ પ્રસાદમાં વપરાતા ઘી સાથે સંકળાયેલ એક મોટું કૌભાંડ બહાર આવ્યું છે. સીબીઆઈની તપાસમાં ખુલાસો થયો છે કે ઉત્તરાખંડની એક ડેરીએ પાંચ વર્ષના સમયગાળામાં તિરુપતિ મંદિરને ૬.૮ મિલિયન કિલોગ્રામ નકલી ઘી સપ્લાય કર્યું હતું, જેની કિંમત આશરે ₹૨૫૦ કરોડ છે. સીબીઆઈની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) અનુસાર, નકલી ઘી સપ્લાય કરવા માટે જવાબદાર ડેરી ભોલે બાબા ઓર્ગેનિક ડેરી હતી, જેણે ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી ઘી સપ્લાય કર્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે ડેરીએ ક્યારેય દૂધ કે માખણ ખરીદ્યું ન હતું, પરંતુ રસાયણોનો ઉપયોગ કરીને નકલી ઘી બનાવ્યું હતું. ડેરીએ કૃત્રિમ ઘી બનાવવા માટે મોનોડાઇગ્લિસરાઇડ્સ અને એસિટિક એસિડ એસ્ટર જેવા રસાયણોનો ઉપયોગ કર્યો હતો.

ડેરીને આ રસાયણો પૂરા પાડનારા આરોપી અજય કુમાર સુગંધની ધરપકડ બાદ તપાસ એજન્સીએ આ માહિતી જાહેર કરી હતી. અજયની ધરપકડ બાદ ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. સુગંધે ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને મોનોડાઇગ્લિસરાઇડ્સ અને એસિટિક એસિડ એસ્ટર જેવા વિવિધ રસાયણો પૂરા પાડ્યા હતા. અજય કુમારે ડેરીના ડિરેક્ટરો, પોમિલ જૈન અને વિપિન જૈન સાથે ઘણા વર્ષો સુધી કામ કર્યું. તેમણે ખાનગી ડેરી લેબલ હેઠળ ટીટીડીને પૂરા પાડવામાં આવતા ઘીમાં ભેળસેળ કરવા માટે ઉપયોગમાં લેવાતા મુખ્ય રાસાયણિક ઘટકો પૂરા પાડ્યા.

સીબીઆઈના અહેવાલ મુજબ, ઉત્તરાખંડના ભગવાનપુરમાં સ્થિત આ ડેરીના સંચાલકો પોમિલ જૈન અને વિપિન જૈને નકલી દેશી ઘી યુનિટ સ્થાપ્યું અને ખોટા દૂધ ખરીદી રેકોર્ડ તૈયાર કર્યા. ૨૦૨૨ માં ભોલે બાબા ડેરીને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા પછી પણ, તેઓએ વૈષ્ણવી ડેરી (તિરુપતિ), માલ ગંગા ડેરી (ઉત્તર પ્રદેશ) અને એઆર ડેરી ફૂડ્સ (તમિલનાડુ) જેવી અન્ય કંપનીઓ દ્વારા નકલી ઘી સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે જુલાઈ ૨૦૨૩ માં ઝઝઉ દ્વારા નકારવામાં આવેલા ઘીના ચાર ટેન્કર (ભેળસેળયુક્ત પ્રાણીની ચરબી ધરાવતા) ભોલે બાબા ડેરી દ્વારા લેબલ બદલ્યા પછી ફરીથી મંદિરમાં મોકલવામાં આવ્યા હતા. જ્યારે FSSAI અને CBI ટીમે તમિલનાડુના ડિંડીગુલમાં અછ ડેરી પ્લાન્ટની મુલાકાત લીધી, ત્યારે તેમને જાણવા મળ્યું કે નકારવામાં આવેલ ઘી પરત કરવામાં આવ્યું ન હતું પરંતુ વૈષ્ણવી ડેરી નજીક સ્થિત સ્થાનિક પથ્થર ક્રશિંગ યુનિટમાં મોકલવામાં આવ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૪ માં, વૈષ્ણવી ડેરીએ તે જ ઘીનું પ્રોસેસિંગ કર્યું, લેબલ બદલ્યા અને તેને ફરીથી તિરુપતિ મંદિરમાં મોકલ્યું, જેનો ઉપયોગ પછી ભગવાન વેંકટેશ્વરના લાડુ પ્રસાદમાં થતો હતો.

# યુવાધનને રોજગારી આપવામાં ગુજરાત અગ્રેસર

## સોફ્ટવેર ડેવલપમેન્ટ, ઔદ્યોગીક સલામતી અને ફાયર પ્રોટેક્શનને લગતા અભ્યાસક્રમો ઉપરાંત વિવિધ સર્ટીફિકેટ, ડિપ્લોમાં, ડિગ્રી, સ્કીલ કોર્સિસ માટે MoU સંપન્ન

રાજકોટ, તા.૧૦
ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ૦૬ ઉદ્યોગોએ પોતાના ઉદ્યોગ એકમો ખાતે જ નવા તાલીમ કાર્યક્રમો શરુ કરવા માટે કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી સાથે ખજ્ઞઞ સંપન્ન કર્યા છે. આ ઉપરાંત કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી અને ઉદ્યોગગૃહની સહભાગીતાથી યુનિવર્સિટીના શીલજ કેમ્પસ ખાતે બદલાતી ટેક્નોલોજીને અનુરૂપ નવા અભ્યાસક્રમો શરુ કરવા માટે વિવિધ ૦૬ ઉદ્યોગોએ લેટર ઓફ ઈનટેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા.




આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી એ રાજ્ય સરકારની એફીલેટેડ યુનિવર્સિટી છે, જેની સ્થાપના રાજ્યના યુવાનોને સ્કિલ આધારિત શિક્ષણ - તાલીમ આપવા અને તેમનામાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ કરવા માટે કરવામાં આવી છે. આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય નવી ટેક્નોલોજીને અનુરૂપ કૌશલ્યવાન માનવબળ તૈયાર કરીને રાજ્યના વધુમાં વધુ યુવાનોને રોજગારી પૂરી પાડવાનો છે.

વધુમાં મંત્રી બાવળિયાએ ઉમેર્યું હતું કે, ઉદ્યોગ, રોકાણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે ગુજરાતે હરહંમેશ દેશના અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા વિશ્વભરના રોકાણકારોને આકર્ષી રહ્યું છે. જેના પરિણામે આજે ગુજરાતના યુવાનોને વૈશ્વિક રોજગારની તકો ઉપલબ્ધ થઈ રહી છે. ગુજરાત આજે કૌશલ્યા યુનિવર્સિટીના માધ્યમથી નવી ટેક્નોલોજીને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા માટે વિવિધ ઉદ્યોગો સાથે સહભાગીતા કરીને તેમના એકમો ખાતે જ તાલીમ કેન્દ્રો શરુ કરીને યુવાનોને રોજગારી પૂરી પાડી રહ્યું છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનના કારણે આજે ગુજરાતમાં થયેલા આર્થિક અને સામાજિક વિકાસના કારણે રોજગારીની વિપુલ તકોનું સર્જન થયું છે. યુવાધનને રોજગારી આપવામાં ગુજરાત દેશનો અગ્રણી રાજ્ય છે. ઉચ્ચ ટેકનીકલ અને મૂલ્યવર્ધન કરનારા ઉદ્યોગો, નવા સેવાકીય સેક્ટરો અને વૈશ્વિક બજારમાં કુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા સરકારે યુવાધનને તાલીમબધ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીએ અઈ/ખક તથા સોફટવેર ડેવલપમેન્ટના તાલીમ કાર્યક્રમો માટે રિષભ સોફટવેર-વડોદરા સાથે, ઔદ્યોગીક સલામતી તથા ફાયર પ્રોટેકશનને લગતા અભ્યાસક્રમો માટે સ્યોર સેફટી પ્રા.લિ - વડોદરા સાથે તેમજ વિવિધ સર્ટીફિકેટ, ડિપ્લોમાં, ડિગ્રી, સ્કીલ કોર્સિસ માટે ટાટા ઈન્ડિયન ઈન્સ્ટી.ઓફ સ્કિલ્સ-અમદાવાદ, ટોપ્સ ટેકનો. સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર-અમદાવાદ, વારી એનજીર્ઝ લિ. તથા યશસ્વી સ્કિલ્સ લિ. સાથે ખજ્ઞઞ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાર્યક્રમમાં શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગના અગ્ર સચિવ મોહમ્મદ શાહિદ, કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડો.એસ.પી.સિંઘ, રજિસ્ટ્રાર રેખા નાયર, ચીફ સ્કિલ કોર્ડીનેટર પી.એ. મિસ્ત્રી, ઉદ્યોગકારો તેમજ કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'ભારત પર્વ'ની રોશનીમય ઉજવણી

## સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થિત જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, સર્કિટ હાઉસ, એકતા મોલ, એડમીન બિલ્ડીંગમાં રંગબેરંગી લાઈટિંગથી ઝગમગ્યુ

રાજકોટ, તા. ૧૦
ભારતીય સંસ્કૃતિમાં 'પ્રકાશ'નું સ્થાન અંધકાર દૂર કરવાની સાથે આધ્યાત્મિક ઉર્જા અને ઉત્સાહનું પ્રતિક માનવામાં આવે છે. વાર-તહેવાર કે ધાર્મિક ઉત્સવમાં પ્રકાશનું મહત્વ અડગ રહ્યું છે. આજના યુગમાં લાઈટિંગ એક આર્ટ બની ગયું છે અને ભારતીય લાઈટિંગ શૈલીની ઝલક પેરિસના 'ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ' અને દુબઈના 'લાઈટ ડોમ શો'માં જોવા મળે છે. લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે ભારત પર્વની ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે ત્યારે એકતા નગર કલરફૂલ લાઈટિંગ્સના પ્રકાશથી ઝગમગી ઉઠ્યું છે.



પ્રકાશ પર્વના અવસરે એકતા નગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રકાશથી ઝગમગી ઉઠ્યું છે. જાણે એકતા નગર દુલ્હનની જેમ શણગારાયુ છે. સમગ્ર વિસ્તારને વિવિધ રંગબેરંગી લાઈટિંગથી ભારતની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની ઝાંખીઓથી શણગારવામાં આવ્યું છે. જ્યાં ભારતની વિવિધતામાં એકતાના દર્શન થાય છે. ૧૮૨ મીટર દુનિયાની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાથી લઈને સરદાર સરોવર ડેમ સુધી દરેક સ્થળે તિરંગા રંગમાં લેસર લાઈટિંગથી ઝગમગાટ છવાઈ છે. પ્રકાશના વિવિધ રંગો ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાનું પ્રતિક બની ઊભા રહ્યા છે.

સ્થાનિક કલાકારો અને શિલ્પકારોએ પણ પોતાના હસ્તકલા કૃતિઓને લાઈટિંગના પ્રકાશ દ્વારા રજૂ કરી છે. આ લાઈટિંગમાં આધુનિક ટેક્નોલોજી સાથે પરંપરાગત ડિઝાઇનનો સુમેળ જોવા મળ્યો છે. લાઈટિંગ અને ફોટોગ્રાફીનો સંબંધ એટલો અવિભાજ્ય છે કે, જ્યાં પ્રકાશ હોય ત્યાં કેમેરા સ્વયં આકર્ષાય છે. ભારત પર્વમાં લાઈટિંગ સાથે પર્યટકોએ હજારો સેલ્ફી અને ફોટો મોબાઈલમાં કંડાર્યા છે. લાઈટિંગથી શણગારેલ દરેક થીમ પોતાના અંદર કંઈક સંદેશો સમેટી રાખે છે, ક્યાંક રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ છે, તો ક્યાંક પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ ઝલકે છે. આજના ડિજિટલ યુગમાં 'લાઈટ ફેસ્ટિવલ' જેવા પ્રસંગો સેલ્ફી કલ્ચરનો ભાગ બની ગયા છે. જ્યાં પર્યટકોને દરેક ફોટો પ્રકાશની, આનંદની અને ભારતીય સંસ્કૃતિની એક નવી વાર્તા કહે છે.

વેલી ઓફ ફ્લાવર્સ પેવેલિયનમાં ૧૪૦ મીટર લાંબા વોક-વે ને 'ગ્લો ટનલ'માં વિવિધ થીમ આધારિત કલરફૂલ લાઈટિંગથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, બટરફલાય ગાર્ડન, ઉત્તરવાહીની નર્મદા પરિક્રમા, સોમનાથ, દ્વારકા, ડાકોર જેવા વિવિધ ધાર્મિક સ્થળોની થીમ થી કૃતિઓ પ્રદર્શિત કરાઈ છે. સરદાર સરોવર ડેમ ખાતે ખાસ ડિઝાઇન કરાયેલ ડાયનેમિક ડેમ લાઇટ એન્ડ સાઉન્ડ શો અને સરદાર પટેલની પ્રતિમા પર સાંજે લેઝર શોનું આયોજન કરવામાં આવે છે. જેને જોવા માટે અહીં આવતા મુલાકાતીઓમાં વિશેષ આકર્ષણ જોવા મળતું હોય છે.

### ડિજિટલ ગવર્નન્સ દ્વારા જનગણનાથી જન કલ્યાણનો વડાપ્રધાનો હેતુ પાર પડશે : નવી વેબસાઈટમાં મોડર્ન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે

# જનગણના-સેન્સસની વેબસાઈટ લોન્ચ

રાજકોટ, તા. ૧૦
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ https://gujarat.census.gov.in/નું લોન્ચિંગ કર્યું હતું. ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવની જનગણના નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટમાં મોર્ડન એલિમેન્ટ્સ, ઇઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટનું લોન્ચિંગ કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જનકલ્યાણની દરેક યોજનાઓના અસરકારક અમલ અને આયોજનથી સંતુલિત વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તે જનગણનાથી જનકલ્યાણની ટેગ લાઈનને સુસંગત છે. નવી વેબસાઈટ લોન્ચિંગથી એને વધુ બળ મળશે તેમ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આ વખતે દેશની આગામી જનગણના ૨૦૨૭ અંતર્ગત પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવી રહી છે તેની સરાહના કરતા કહ્યું હતું કે, નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પ્રથમ વખત, સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે.

રાજ્યના જનગણના નિયામક સુજલ મયાત્રાએ આ વેબસાઈટની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, આગામી ૨૦૨૭ની જનગણના માટે રિહર્સલ હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ મોબાઇલ એપ્સનો ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ જનગણના ૨૦૨૭ના પ્રિ-ટેસ્ટ માટે ગુજરાતના સુરત મહાનગરપાલિકાના ૧૩૩ બ્લોક, દાહોદના દેવગઢબારિયા તાલુકાના ૨૬ ગામોના ૭૦ બ્લોક અને મોરબીના ટંકારા તાલુકાના ૨૫ ગામોના ૬૦ બ્લોક પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદ કરાયેલા વિસ્તારોમાં જે પ્રિસ્ટેસ કામગીરી ૧૦ થી ૩૦ નવેમ્બર હાથ ધરવાની છે તેની જાણકારી પણ જનગણના નિયામક આપી હતી. આ વેબસાઈટ લોન્ચિંગ અવસરે મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીનો અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ અને જનગણના નિયામક કચેરી ગુજરાતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'હર ઘર સ્વદેશી' અભિયાન મિશન મોડ પર

## રાજયના તમામ વિભાગોના વડા-ઉચ્ચ અધિકારીઓ સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરતા નાયબ મુખ્યમંત્રી સંઘવી

રાજકોટ, તા. ૧૦
દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઇન ઈન્ડિયા' અને 'હર ઘર સ્વદેશી'ના અભિયાનને જન-જન સુધી પહોંચાડીને ચરિતાર્થ કરવાના ઉદ્દેશ્ય સાથે ગાંધીનગર ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ યોજાયેલી આ બેઠકમાં તમામ વિભાગોના વડા-ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો મહત્તમ સ્વદેશી ચીજવસ્તુઓને અપનાવે તે પ્રકારની જનજાગૃતિ કેળવવાનો છે. તે ઉપરાંત બેઠકમાં અન્ય મહત્વની બાબતો પર ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિદેશી ચીજવસ્તુઓને બદલે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી માટે લોકો પ્રેરાય તે પ્રકારની જનજાગૃતિ કેળવવી, સ્વદેશી ચીજવસ્તુઓની માંગ વધારવા માટે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો તૈયાર કરવા પર ભાર મૂકવો, 'હર ઘર સ્વદેશી' મુહિમને મિશન મોડ પર લઈ જવા માટેની બારીક વ્યૂહરચના તૈયાર કરવા ચર્ચા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'બદલાવ સ્વયંથી'નો સંકલ્પ લઈને સૌ પ્રથમ તમામ વિભાગો સ્વદેશી વૈકલ્પિક ચીજવસ્તુઓ અપનાવે તે માટે ભારપૂર્વક સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકારી વિભાગો દ્વારા સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગની શરૂઆત થવાથી એક સકારાત્મક સંદેશ જનતામાં જશે અને આ મુહિમને વેગ મળશે. આ પ્રસંગે આત્મનિર્ભર ભારત અભિયાનના પ્રદેશ ઈનચાર્જ પ્રદીપસિંહ જાડેજા, અધિક મુખ્ય સચિવ સુનૈના તોમર, ડો. અંજુ શર્મા, પ્રિન્સીપાલ સેક્રેટરી અશ્વિની કુમાર, આર.સી.મીણા સહિત વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બાળકો સહિત તમામ નાગરિકોના આરોગ્યની સતત કાળજી

# એક દસકામાં ૧૫ કરોડ બાળકોની આરોગ્યલક્ષી તપાસ

## રાજયના કુલ ૨.૧૮ લાખ બાળકોને હૃદય, કિડની, કેન્સર, લીવર ટ્રાન્સપ્લાન્ટ સહિતની સુપર સ્પેશિયાલિટી સારવાર વિનામૂલ્યે

રાજકોટ, તા. ૧૦
રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બાળકો સહિત તમામ નાગરિકોના આરોગ્યની સતત કાળજી લેવામાં આવી રહી છે. આ અંગે વિગતો આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય' કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૧૧ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૪-૨૫ સુધીમાં અંદાજે કુલ ૧૫.૮૯ કરોડ કરતાં વધુ બાળકોની વિનામૂલ્યે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી છે. જેમાં સુપર સ્પેશિયાલિટી તરીકે ૧.૬૭ લાખ હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, ૨૦ હજાર કરતાં વધુ કિડનીની સારવાર, ૧૧ હજાર જેટલા બાળકોની કેન્સર સારવાર, ૨૦૬ બાળકોની કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૩૭ લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૨૧૧ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૩,૨૬૦ કોક્લિયર ઈમ્પ્લાન્ટ સહિતની વિવિધ બિમારીઓ અંતર્ગત કુલ ૨.૧૮ લાખ કરતાં વધુ બાળકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે.



આરોગ્ય મંત્રી પાનશેરીયાએ કહ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની ભવિષ્યની પેઢીને વધુ તંદુરસ્ત બનાવવાના હેતુસર 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય' કાર્યક્રમ યોજના અમલી બનાવવામાં આવી છે. જેમાં નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો જેવા કે આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા શાળામાં ન જતાં બાળકોની નિયમિત આરોગ્ય તપાસ, સ્ક્રીનીંગ અને જરૂરી સારવાર રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય' કાર્યક્રમ હેઠળ રાજ્યમાં કુલ ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમો કાર્યરત છે, જેમાં દરેક ટીમમાં બે આયુષ મેડિકલ ઓફિસર, ફાર્માસિસ્ટ તથા અગખનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તમામ ડિલિવરી પોઈન્ટ પર નવજાત શિશુઓનું બર્થ ડિફેક્ટ ૪ઉ સ્ક્રીનીંગ પણ કરવામાં આવે છે.

વધુમાં, આરોગ્ય શિક્ષણ, પોષણ, સ્વચ્છતા, કાઉન્સેલિંગ વગેરે સેવાઓ સાથે એનિમિયા, પોષણની ઉણપ, દ્રષ્ટિ-શ્રવણ સમસ્યા, દાંત-ત્વચા-હૃદય સંબંધિત ખામી, શીખવાનો વિલંબ, વર્તન સમસ્યાઓ વગેરેની તપાસ અને સારવાર પણ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવે છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

આરોગ્ય મંત્રી પાનશેરીયાએ કહ્યું હતું કે, દર વર્ષે અંદાજે ૧.૮૯ કરોડથી વધુ બાળકોની આરોગ્ય ચકાસણી થાય છે, તેમજ જરૂરિયાત મુજબ PHC CHC/SDH, જિલ્લા હોસ્પિટલ, મેડિકલ કોલેજ અથવા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં વિનામૂલ્યે રીફરલ સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત નિદાન, રિફરલ અને સારવાર માટે રાજ્યમાં ૨૮ જિલ્લા અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર કાર્યરત છે. SH-RBSK કાર્યક્રમ સર્વ શિક્ષા અભિયાન અને ટેકો પોર્ટલ સાથે ઈન્ટીગ્રેટેડ છે, જેથી દરેક બાળકની આરોગ્ય માહિતી ડિજિટલ રીતે ઉપલબ્ધ કરવામાં આવી છે. તદુપરાંત રાજ્ય સરકાર દ્વારા કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરાવેલ બાળકોને બીજી વખત પ્રોસેસર વિનામૂલ્યે આપવામાં આવે છે. આમ, 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' એ નવજાત બાળકથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોના સર્વાંગી આરોગ્ય માટેની એક સમગ્ર વિનામૂલ્યે અને ટેકનોલોજી આધારિત પહેલ છે, જે ભવિષ્યની પેઢીને વધુ સ્વસ્થ અને સક્ષમ બનાવે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# અનાજનો જથ્થો ઉતારતી વખતે ફિંગર પ્રિન્ટનો બદલાયો નિર્ણય

## પુરવઠા વિભાગએ બદલ્યો પરિપત્ર : રાજકોટના ૭૦૦ સસ્તા અનાજના પરવાનેદારોને મળશે લાભ

રાજકોટ, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા સસ્તા અનાજના દુકાનદારો માટે જે પરિપત્ર કરવામાં આવ્યો હતો તેનાથી સમગ્ર રાજ્યમાં એક રોષની લાગણી વ્યાપી ઊઠી હતી એટલું જ નહીં એસોસિએશનના હોદ્દેદારોએ સ્પષ્ટતાપૂર્વક કહ્યું હતું કે જો સરકાર ગણતરીના દિવસોમાં પરિપત્ર નહીં બદલે તો ફરી વખત આંદોલન કરવામાં આવશે અને તે વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ રાજ્ય સરકારે તાકીદે પરિપત્રમાં ફેરફાર કરી દીધો અને ફરી વખત વ્યવસ્થા સુનિશ્ચિત થઈ.

મળતી માહિતી મુજબ રેશનીંગના દુકાનદારો અને વેપારીઓની અનેકવિધ માંગો સરકાર દ્વારા પૂર્ણતઃ સ્વીકારવામાં આવી ન હતી જેને લઇને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા. આ વાતની ગંભીરતાને ધ્યાને રહેતા એ વાત સ્પષ્ટ થઈ કે હવે સરકાર કોઈ પણ પ્રકારનું એ પગલું લેવા માંગતું નથી કે જેનાથી વેપારીઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો કરવો પડે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ વેપારીઓની દુકાને જથ્થો ઉતારતી વખતે બે તકેદારી સભ્યોના ફિંગર લેવાની સરકારે સ્વીકારેલી માંગણીનો અધિકાર હોય એવું લાગ્યો કર્યો હતો અને જેને લઈને રાજ્યના ૧૭ હજાર વેપારીઓમાં ભારે ઉહાપો મચ્યો હતો. હોદ્દેદારો સાથેની રાજ્ય સરકારના અધિકારીઓની બેઠકમાં પાંચ માંગણીઓ સ્વીકારાય હોવાનું જણાવ્યું હતું. ત્યારે સસ્તા ભાવની દુકાન ખાતે જથ્થો ઉતારતી વખતે તકેદારી સમિતિના બે સભ્યોના બાયોમેટ્રિક ફિંગર ઓથેન્ટીકેશન લેવાના રહેશે આ પ્રકારની વેપારીઓ સાથે થયેલી સમજૂતીનો ઉલાળ્યો કરવામાં આવ્યો હતો અને તે મુજબનો પરિપત્ર ન થતા ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા હતા. ત્યારે રાજ્ય સરકાર દ્વારા જે પરિપત્ર કરવામાં આવ્યો તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ૧ એપ્રિલ ૨૦૨૬ થી વાજબી ભાવની દુકાન ખાતે જથ્થો ઊતારતી સમયે તકેદારી સમીતીના પચ્ચાસ ટકા સભ્યોના બાયોમેટ્રિક ફિંગર ઓથેન્ટીકેશન કરવાનુ રહેશે એટલે કે પાંચ કે છ તકેદારી સમીતીના સભ્યોના બાયોમેટ્રિક ફિંગર ઓથેન્ટીકેશન કરવાના થશે.

આમ દુકાન ખાતે જથ્થો ઊતારતી વખતે બે તકેદારી સદસ્યઓના બાયોમેટ્રિક ફિંગર ઓથેન્ટીકેશન લેવાના નિર્ણયનો ઊલ્લાળીઓ કરવામાં આવ્યો હતો અને વાજબી ભાવના દુકાનદાર ભાઈઓ ના એસોસિએશન સાથે કરવામા આવેલી સમજુતીનો દ્રોહ કરવામા આવ્યો છે.વેપારીઓમાં, આ બાબતે હોબાળો સર્જાતા પૂરવઠા તંત્રને વેપારીઓની માંગ મુજબ ફરી નવો પરિપત્ર કરવાની ફરજ પડી છે.










# નિકાસકારોની નુકશાની અંગે રાહત-પેકેજ કરો જાહેર

### અસહય ટેરીફ દર વધારાના કારણે ઉદ્યોગકારોને પહોંચી નુકશાની ચેમ્બરના ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ મુખ્યમંત્રીને કરી માંગ

રાજકોટ, તા. ૧૦

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમેરીકાએ લાગુ કરેલ અસહય ટેરીફ દરના વધારાના કારણે નિકાસકારોને થયેલ નુકશાની અંગે પુરતા રાહત-પેકેજ તાત્કાલીક જાહેર કરવા ગુજરાત રાજયના મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી.

ભારત દેશ નિકાસક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર પ્રગતિ કરી રહી રહયું છે તેમજ સરકાર દ્વારા નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ત્યારે અમેરીકા દ્વારા તાજેતરમાં લાગુ કરવામાં આવેલ અસહય વધારાના ટેરીફ દરને કારણે તમામ ઔધોગીકક્ષેત્રો અને ખાસ કરીને નિકાસકારોને તીવ્ર નુકશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા છેલ્લા ૬ મહિનાનો તૈયાર કરાયેલ રાજકોટ તથા આસપાસના વિસ્તારનો અંદાજીત ગ્જ્જ્ર નિકાસ દરના ડેટા મુજબ મે-૨૦૨૫ માં આશરે ૬૦% નિકાસદર હતો જે ડોલરમાં રૂપાંતર કરતા ૫૯૫૪૦૨૭.૫૭ થયેલ છે આ જ નિકાસદર ઓકટોબર-૨૦૨૫ માં ઘટીને ૩૫% ની સાથે ડોલરમાં રૂપાંતર કરતા ૩૫૩૧૧૧૨.૪૧ થઈ ગયેલ છે. આમ લગભગ ૨૫% અને આશરે ૨૫ લાખ ડોલર જેટલો તીવ્ર ઘટાડો જોવા મળેલ છે. હજુ પણ આવનારા દિવસોમાં આ નિકાસદર ઘટવાની સાથે ખુબ જ નુકશાનકારક સાબીત થઈ શકે તેવું જણાઈ રહયું છે.

આમ અમેરીકાના અસહય વધારાના ટેરીફ દરના કારણે સમગ્ર ઔધોગીક અને નિકાસકારોને થવા પાત્ર અસહય ધંધાકીય નાણાકીય નુકશાનીની તીવ્રતાને ગંભીરતાપુર્વક ધ્યાને લઈને કેન્દ્ર સરકારની રાહ જોયા વગર રાજય સરકાર દ્વારા તાત્કાલીક પુરતા રાહત-પેકેજ જહેર કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવી.

# માવઠા બાદ ખેડૂતોને નહિ રહે મુશ્કેલી : મૃદુ સરકારનો નિર્ણય

### સર્વાધિક રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદી દ્વારા રાજય સરકાર ખેડૂતલક્ષી અભિગમની કરાવી પ્રતીતિ

રાજકોટ, તા. ૧૦

તાજેતરમાં ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદના પરિણામે ખેડૂતોને વ્યાપક નુકશાની ભોગવવી પડી છે. ખેડૂતો પર આવેલી કુદરતી આફત બાદ તેમના હમદર્દ બની કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને કોઈ મુશ્કેલી ન રહેવી જોઈએ તે પ્રકારે મક્કમ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના ભાગ રૂપે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સરકાર દ્વારા ઐતિહાસિક રૂ. ૧૦ હજાર કરોડનું રાહત - સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેને ખેડૂતો તેમજ સહકારી ક્ષેત્રના આગેવાનોએ આવકાર્યું છે.







રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સમગ્ર સરકર દ્વારા ખેડૂતોને ક્યાંય મુશ્કેલી ન પડે, તે ધ્યાને લઈ સૌથી મોટા રાહત - સહાય પેકેજને આવકારી આ સરકાર ખેડૂતલક્ષી હોવાનું ફરી એક વાર સાબિત કર્યું છે તેમ જણાવી સંઘ વતી આભાર માન્યો હતો.

આ પેકેજની લાક્ષણિકતા એ છે કે, દરેક ખેડૂતને સમાન ધોરણે રાહત આપવામાં આવી છે. વધુમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે સાથે મળી મહત્તમ કિંમતે ટેકાના ભાવની ખરીદી દ્વારા ખેડૂતોની મુશ્કેલી દૂર થશે તેવો વિશ્વાસ નરેન્દ્રસિંહે વ્યક્ત કર્યો હતો અને આ સરકાર ખેડૂતની મુશ્કેલીમાં હર હંમેશ હામી બની પડખે ઉભી રહી છે તેમ પણ જણાવ્યું હતું.

ભુપગઢના રહેવાસી રાજકોટ લોધીકા સંઘના ડિરેક્ટર લક્ષ્મણભાઈ સિંધવે ખેડૂતોને અતિવૃષ્ટિને કારણે પાકને થયેલ મુશ્કેલીમાં સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલું ઐતિહાસિક રાહત પેકેજ ખુબ મદદરૂપ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં ખેડૂતોની ટેકાના ભાવે ૧૨૫ મણ મગફળી ૧૪૫૨ રૂ. ના ભાવે ખરીદ કરવામાં આવી રહી હોવાનો પણ વિશેષ લાભ ખેડૂતોને મળશે જેના પરિણામે શિયાળુ પાકમાં ખેડૂતો વાવણી કરી પગભર થઈ શકશે, તેમ ઉમેર્યું હતું. આમ ખેડૂતોને તેમના માલ અને રાહત પેકેજમાંથી મળનારી ધનરાશિ ખુબ મહત્વનો ટેકો સાબિત થશે. જયારે તરઘડીયા સહકારી મંડળીના પ્રમુખ અને રાજકોટ લોધીકા સંઘના ડિરેક્ટર લક્ષ્મણભાઈ પરસાણાએ જણાવ્યું હતું કે, રાજકોટ લોધીકા તાલુકામાં ખેડૂતોને પડેલ મુશ્કેલી બાદ રાહત પેકેજના નિર્ણયથી ખેડૂતોએ આનંદની લાગણી વ્યક્ત કરી છે. ખેડૂતોને બિયારણ, દવા વગેરેના ખર્ચ અને નુકસાની સામે લડવા ટેકા રૂપી સહાયથી આ સરકાર ખેડૂતોની સાથે ઉભી છે તેમ શ્રી લક્ષ્મણભાઈએ તેમના પ્રતિભાવોમાં જણાવ્યું હતું.

### બુટ લેવલ ઓફિસરની સાતો સાત ૨૨૫૬ આસિસ્ટન્ટ BLOને સોંપાઈ જવાબદારી

# મતદાર સુધારણામાં સહયોગ ન આપતા 18 BLOને નોટિસ

રાજકોટ, તા. ૧૦

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદાર સુધારણા યાદીની કામગીરી કરવામાં આવી રહી છે સાથોસાથ મતદારોને કોઈ પણ ક્ષતિનો સામનો ન કરવો પડે તે પ્રકારે કામગીરી કરવાનો આગ્રહ ચૂંટણી આયોગ સ્થાનિક પ્રસાશન પાસેથી રાખી રહ્યુ છે ત્યારે જે વિગતો મળી રહી છે તે મુજબ હાલ મતદાન સુધારણા કામગીરી રાજકોટ જિલ્લામાં શરૂ થઈ ચૂકી છે અને પ્રથમ તબક્કો એટલે કે ફોર્મ વિતરણની કામગીરી પૂરી કરી દેવામાં આવી જેના માટે સ્પેશિયલ બુથ લેવલ અધિકારીઓને ખાસ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું પરંતુ આ કામગીરીને સહજતાથી લેનાર અને સહયોગ ન આપનાર ૧૮ બીએલઓને નોટિસ ફટકારવામાં આવી છે અને તેમની પાસેથી ખુલાસો પણ પૂછવામાં આવ્યો છે તેવું હાલ જણાવાઈ રહ્યુ છે. હાલ ફોર્મ વિતરણની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. મળતી માહિતી મુજબ મતદાન સુધારણા કામગીરીમાં બુથ લેવલ ઓફિસરની સાથો સાથ આસિસ્ટન્ટ બૂથ લેવલ ઓફિસરની નિમણૂકના ઓડારો પણ ટિશ્યૂ કરી દેવામાં આવ્યા છે જેમાં ૨૨૫૬ જેટલા આસિસ્ટન્ટ બીએલઓ ની નિમણૂક કરાઈ છે જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, આંગણવાડીના કાર્યકરો, કોર્પોરેશન તથા પાલિકાના કર્મચારીઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે સુત્રોએ જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણા કાર્યક્રમની રાજકોટ જીલ્લામાં ચાલતી આ કામગીરીમાં સહયોગ નહીં આપનાર દોઢ ડઝનથી વધુ બીએલઓને તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે તેમાં મોટાભાગે ગ્રામ્ય વિસ્તારના બીએલઓનો સમાવેશ થતો થાય છે.



દરમિયાન શિક્ષણના ભોગે બીએલઓને મતદાર યાદી સુધારણા કાર્યક્રમની આ કામગીરી સોંપાતા શિક્ષકોમાં તેની સાથે વિરોધ ઉઠવાનો શરૂ થવા પામેલ છે. શિક્ષકોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે વિદ્યાર્થીઓને શાળાઓમાં શિક્ષણ આપવું કે પછી મતદાર યાદી સુધારણા કાર્યક્રમની આ કામગીરી કરવી?

હવે બીએલઓની સાથે આસી. બીએલઓની નિમણુંકમાં પ્રાથમિક શિક્ષકો ઉપરાંત શહેરી વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જીલ્લા ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી કાર્યકરો, નગરપાલિકાના કર્મચારીઓ, સહિતનાઓને પણ આ કામગીરી સોપતા ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવેલ છે.

૨૨૫૬ જેટલા આસી. બીએલઓની નિમણુંક કરી દેવામાં આવી છે. આ કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા જોરશોરથી અભિયાન આગળ વધારવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ચૂંટણીપંચ દ્વારા આજે રાજયના તમામ જીલ્લા કલેકટરો-ચૂંટણી અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ આયોજીત કરી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ઘણાખરા નિર્ણયોના કારણે અન્ય પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે અત્યારે સરકાર માટે અને ખાસ તો સ્થાનિક પ્રશાસન માટે જો કોઈ મહત્વનું કામ હોય તો તે મતદાર સુધારણા છે જેને હાલ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# બાર એસોસિએશન દ્વારા લીગલ સેમિનાર

## ૨૫૦૦ વકીલોએ બે દિવસની જ્ઞાનની સરવાણીનો લીધો લાભ : સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટના ચુકાદાઓનું પણ કરાયું વિશ્લેષણ

રાજકોટ, તા. ૧૦

રાજકોટ બાર એસો. દ્વારા વિશેષ લીગલ સેમીનારનું ૨ દિવસ આયોજન કરવામાં આવ્યું. સેમિનારમાં જ્ઞાનની સરવાણીઓ છૂટી હતી. શનિવાર અને રવિવારના રોજ ૨૫૦૦ વકીલોએ આ સેમીનારનો લાભ લીધો હતો. બાર એસો.ની યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, શનિવારે પ્રથમ દિવસે ક્રિમીનલ ટ્રાયલ અંગે રાજેન્દ્રભાઈ ત્રિવેદી ( ગુજરાત રાજ્યના પૂર્વ કાયદા મંત્રી), સિવિલ પ્લીડિંગ અંગે મેહુલભાઈ શાહ (સીનીયર કાઉન્સિલ - ગુજરાત હાઈકોર્ટ), આર્બીટ્રેશન એન્ડ કન્સીલેશન એક્ટ અંગે નવિનભાઈ પાહવા (સીનીયર કાઉન્સિલ - સુપ્રીમકોર્ટ), હિંદુ સક્શેસન એક્ટ અંગે ઉદયનભાઈ વ્યાસ (સીનીયર કાઉન્સિલ - ગુજરાત હાઈકોર્ટ), અમરભાઈ ભટ્ટ (સીનીયર કાઉન્સિલ - ગુજરાત હાઈકોર્ટ),ધ ડીજિટલ એડવોકેટ લો ઇન ધ એઈજ ઓફ આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સી (એઆઈ) અંગે ધ્રુવભાઈ ટોળિયા (એડવોકેટ



- ગુજરાત હાઈકોર્ટ), ઈલેક્ટ્રોનિક એવિડન્સ અંગે આલોકભાઈ ઠક્કર (એડવોકેટ - ગુજરાત હાઈકોર્ટ)એ પ્રવચન આપ્યું હતું.

રવિવારે હાઈકોર્ટના એડવોકેટ અસીમ પંડયા દ્વારા હેરશીપ, પ્રોબેટ એન્ડ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિષય ઉપર બોમ્બે સ્ટેટ વખત મુજબની સ્થિતિ ધ્યાને લઈ કાયદા મુજબની વિગત અન્વયે છણાવટ કરાવેલ હતી. વિશાળ સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટના ચુકાદાઓનું વિશ્લેષણ કરેલ અને પોતાના વિષય ઉપર સરળતાથી માર્ગદર્શન આપેલ જેથી હાજર રહેલ વકીલોને સરળતાથી સમજાય તેવી શૈલીમાં પોતાનું વકતવ્ય આપેલ. ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટના ફોર્મર જસ્ટીસ એસ. એચ. વોરા દ્વારા 'આર્ટ ઓફ એડવોકેશી ફોર રીડયુસ લીટીગેશન બાય લીગલ વે' વિષય ઉપર કોર્ટના ભારણ અન્વયે ચિંતા કરી સમાધાનથી વિકલ્પે અન્ય ઉપાયો કે જે કાયદાથી ઉપયોગમાં લઈ શકાય તે અન્વયે પોતાના જસ્ટીસ તરીકેના અનુભવો શેર કરી વકીલાતના વ્યવસાયમાં બંન્ને પક્ષકારો રાજી થાય અને કાર્યવાહીનો અંત આવે તે પ્રમાણેની શીખ આપેલ. સુપ્રિમ કોર્ટના ફોર્મર જસ્ટીસ એમ. આર. શાહ દ્વારા વકીલોને અતિ ઉપયોગી એવા 'ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ'ની છેલ્લામાં છેલ્લા આવેલા ચુકાદાઓ અને આ ચુકાદાઓમાં બન્ને પક્ષકારો વચ્ચે થયેલ કાર્યવાહીઓ કઈ-કઈ બાબતોનું ફરિયાદ પક્ષે કે આરોપી પક્ષે ધ્યાન રાખવું જોઈએ.

વકીલો ફરીયાદી કે આરોપી જે પણ પક્ષકારની તરફેણમાં રોકાયેલા તે બન્ને બન્ને તરફેના ચુકાદાઓ, ચુકાદાઓમાં આવેલ હકીકતો અને જનરલ હકીકતો વિશે માહિતી આપેલ અને નેગોશીએબલ એકટમાં શું-શું મહત્વની હકીકતો છે અને કોર્ટમાં તે રજુ કરવી જોઈએ તે સબંધેનું જ્ઞાન આપેલ હતું. ત્યારબાદ હાઈકોર્ટના એડવોકેટ આલોકભાઈ ઠકકર દ્વારા 'ડીઝીટલ ડેટા પ્રોટેકશન એક્ટ ૨૦૨૩' વિષય પર સેમીનારમાં હાજર રહેલ તમામ વકીલોને સમજાય તે પ્રકારનું જ્ઞાન આપેલ હતું.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વધુ એક જીવ સ્વાહા

## નશામાં બેફામ ડ્રાઈવિંગથી મોતની પરંપરા, જવાબદાર કોણ?



માનવ સર્જિત ભૂલ કે બેદરકારીથી કમોત થાય તે ખૂબ મોટી ઘટના ગણાય. આ માટે સમાજ, સરકાર, મીડિયાએ સજાગ થઈને ગહન ચિંતન બાદ મોટો નિર્ણય કરવાનો હોય. આ બાબત શક્ય બને તો તે સમાજ-પ્રાંત ખૂબ જ જાગૃત ગણાય.

અફસોસ છે કે, આવી જાગૃતિની વ્યાખ્યામાં ગુજરાત કે રાજકોટનો સમાવેશ નથી થતો. ભૂલ-બેદરકારીથી નિર્દોષ લોકોના મોતની પરંપરા શરૂ થઇ ગઇ છતાં તેની કોઇ વિશેષ નોંધ લેતું નથી. માણસ માત્ર ભૂલને પાત્ર, ભૂલ ઘણી વખત ક્ષમ્ય પણ બની શકે. વારંવાર એકની એક ભૂલ સતત થતી રહે તો તેને ભૂલ ન કહેવાય. ગુન્હાહિત બેદરકારી કહેવાય. આવા તત્વોને આજીવન યાદ રહે તેવી આકરી સજા થવી જોઇએ.

ગત રવિવારે રાત્રે મોંઘીદાટ કાર અને ટુ-વ્હીલર વચ્ચે ભયાવહ અકબ્સ્માત થયો અને ટુ-વ્હીલર ચાલકના ફૂરચા ઉડી ગયા. રાજકોટમાં ચાર દિવસમાં માર્ગ અકસ્માતમાં ફૂરચા ઉડ્યા છે. આવી ઘટનાઓ બાદ પોલીસ રૂટીન કાર્યવાહી કરે છે. કેસ ચાલે, પછી ફિંડલું પણ વળી જાય. જે કમોતે મર્યા તેને ન્યાય મળે છે? મૃતકના પરિવારની દશાનો ખ્યાલ આવે છે? ઘણાં અકસ્માતો બાદ સહાયના સેટિંગથી મામલો ઉકેલ નાખવામાં આવે છે. સમાજ, સરકાર કે મીડિયા કોઇ આ બાબતે ગંભીર નથી તેથી કમોતની ઘટનાઓ વધતી જાય છે.

મોટાભાગના અકસ્માતો નશાની હાલતમાં ડ્રાઇવિંગ કરવાથી થાય છે. બીજુ કારણ ઢંગધડા વગરનો ટ્રાફિક છે. આ બન્ને કારણો દૂર કરવા દબાણ કેમ નથી થતું? રવિવારે રાજકોટમાં થયેલા અકસ્માત બાદ કારચાલક નબીરો કાર રેઢી મૂકીને ફરાર થઇ ગયો હતો. આ અંગે તપાસ ચાલી રહી છે. પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો પ્રમાણે કરારમાં દારૂના ચપલા હતા. આશ્ચર્ય એ છે કે, નશાની દશામાં સતત થતા અકસ્માતો બાદ પોલીસ તંત્ર પણ નશાનો મુદ્દો છૂપાવી દે છે.

મૃતકના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ હોય જ, પરંતુ આ કોઇ એક પરિવારનો પ્રશ્ન નથી. સમગ્ર રાજકોટવાસીઓની સલામતીનો મુદ્દો છે. કમોતની પરંપરામાં ગતે ત્યારે ગમે તે નંદવાઇ શકે છે. નશા અને અકસ્માત જેવા મુદ્દે લોકોમાં જ પ્રચંડ આક્રોશ ઉઠવો જોઇએ. આ માટે જવાબદાર તમામને જવાબદરીનું ભાન કરાવવાની ફરજ સમાજની છે. કોઇ પણના દબાણને વશ થયા વગર લોકોએ ખુદના હિત અને ખુદની સલામતીને પ્રાધાન્ય આપવું જ પડશે.

# આતંકી અદીલ-મુઝમ્મિલનો પર્દાફાશ

## શ્રીનગરમાં જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવતો વીડિયો કેપ્ચર થતાં ડો. આદિલની ધરપકડ કરવામાં આવી

નવીદિલ્હી, તા. ૧૦

જમ્મુ અને કાશ્મીર પોલીસે ખીણના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ચહેરાની ઓળખ સિસ્ટમ સ્થાપિત કરી છે. આ સિસ્ટમ પોલીસને વાસ્તવિક સમયની માહિતી પહોંચાડે છે. આ સિસ્ટમ દ્વારા જ શ્રીનગરમાં જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવતો વીડિયો કેપ્ચર થતાં ડો. આદિલની ધરપકડ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર પોલીસની શ્રીનગર ટીમ દ્વારા વીડિયોની બારીકાઈથી તપાસ કરવામાં આવતાં આદિલની ઓળખ બહાર આવી હતી. શ્રીનગર ટીમે તેને શોધી કાઢ્યો અને સહારનપુરમાં તેની ધરપકડ કરી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આદિલના ખુલાસાને કારણે દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં જનરલ મેડિકલ કોલેજમાં તેના લોકરમાંથી એક AK-47 અને અન્ય શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન, આદિલે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેનો એક સાથી મુઝમ્મિલ હતો, જે ફરીદાબાદમાં હતો. ત્યારબાદ શ્રીનગર પોલીસ ટીમે ફરીદાબાદથી ડો. મુઝમ્મિલની ધરપકડ કરી હતી, જેની પાસેથી ૩૬૦ કિલોગ્રામ વિસ્ફોટકો અને અન્ય શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો.





જમ્મુ અને કાશ્મીર અને ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડોક્ટરો આતંકવાદી સંગઠન અંસાર ગઝવતુલ હિંદ સાથે જોડાયેલા છે. જોકે, આ આતંકવાદી જૂથ હજુ સુધી જમીન પર નોંધપાત્ર હાજરી ધરાવતું નથી. આ આતંકવાદી જૂથની સ્થાપના ૨૦૧૭ માં હિઝબુલ મુજાહિદ્દીનના ભૂતપૂર્વ કમાન્ડર ઝાકિર રશીદ ઉર્ફે ઝાકિર મુસા દ્વારા કરવામાં આવી હતી. જોકે, એક ડોક્ટર હાલમાં ફરાર છે અને પોલીસ તેની શોધ કરી રહી છે. તે અગાઉ અલ-કાયદાની જમ્મુ અને કાશ્મીર પાંખ અંસાર ગઝવતુલ હિન્દનો કમાન્ડર બન્યો હતો, કારણ કે તેણે હિઝબુલ મુજાહિદ્દીનની વિચારધારા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને તેને ઇસ્લામ અને શરિયા વિરુદ્ધ ગણાવી હતી. સુરક્ષા દળોએ ૨૦૧૯ માં એક એન્કાઉન્ટરમાં ઝાકિર રશીદ ઉર્ફે ઝાકિર મુસાને મારી નાખ્યો હતો. આના કારણે અંસાર ગઝવતુલ હિન્દ (JK) નું વિખેરીકરણ થયું હતું અને જૂથ જમીન પર શાંત થઈ ગયું હતું. તાજેતરમાં જ, જમ્મુ અને કાશ્મીર પોલીસે ડો. મુઝમ્મીલ અને ડો. આદિલની ધરપકડ કરી હતી, જેમની પાસેથી વિસ્ફોટકો અને શસ્ત્રો મળી આવ્યા હતા. પોલીસે ફરીદાબાદથી મુઝમ્મીલની ધરપકડ કરી હતી. ત્રીજા ડોક્ટરની શોધ ચાલી રહી છે. એવું માનવામાં આવે છે કે આ ત્રણ ડોક્ટરોના આતંકવાદીઓ સાથે લાંબા સમયથી સંબંધો હતા. પોલીસ હાલમાં આ મામલાની તપાસ કરી રહી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસની ચહેરાની ઓળખ પ્રણાલીએ એક મોટા આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ટેકનોલોજીનો ઉપયોગ ડો. આદિલને ઓળખવા માટે કરવામાં આવ્યો હતો જ્યારે તે જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવી રહ્યો હતો. તેની ધરપકડ બાદ, ડો. મુઝમ્મિલને ફરીદાબાદમાં પકડવામાં આવ્યો હતો.

# ગાંધીજીને કોણે માર્યા? : મહેબૂબા

## કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવેદન પર PDPના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું, રાજીવ ગાંધીને કોણે માર્યા?

નવીદિલ્હી, તા. ૧૦

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવેદનનો જવાબ આપતા પીડીપીના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું, ''ગાંધીજીને કોણે માર્યા? ઇન્દિરા ગાંધીને કોણે માર્યા? રાજીવ ગાંધીને કોણે માર્યા? કયો સૌથી મોટો આતંકવાદી, જે સંસદમાં પણ ગયો હતો, તે હજુ પણ ગાંધીજીના ફોટા પર ગોળીબાર કરે છે? ગિરિરાજજી, કૃપા કરીને આ બધા પ્રશ્નોના જવાબ આપો, અને પછી આપણે વાત કરીશું.'' ફરીદાબાદમાં કાશ્મીર અને હરિયાણા પોલીસે ૩૦૦ કિલોથી વધુ એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યા પછી, એક ડોક્ટરની ધરપકડ કરવામાં આવી. કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે આ અંગે ટિપ્પણી કરતા મુસ્લિમ સમુદાય પર સવાલ ઉઠાવ્યા. તેમણે પૂછ્યું કે આરોપીઓ એક જ સમુદાયના કેમ હતા. મીડિયા સાથે વાત કરતા, તેમણે આ કેસની સરખામણી ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ સાથે કરી અને વિસ્ફોટકો જપ્ત કરવા બદલ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી.



કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે મોદી સરકાર અને રાજ્ય સરકારે તેને પકડી લીધો. જોકે, તે મુંબઈ વિસ્ફોટો કરતાં વધુ ખતરનાક હતો. બાબા બાગેશ્વરની યાત્રા ચાલી રહી છે, અને મોટી સંખ્યામાં લોકો તેમની સાથે હતા. જો તેમના પર હુમલો થયો હોત તો શું થયું હોત? પરંતુ જ્યારે પણ તેઓ પકડાય છે, ત્યારે તે હંમેશા એક જ સમુદાયના હોય છે... એક મુસ્લિમ ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે.

ગિરિરાજ સિંહે વિપક્ષી નેતાઓ પર આવી ઘટનાઓ પર મૌન રહેવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી હોય, લાલુ પ્રસાદ યાદવ હોય, અખિલેશ યાદવ હોય કે અસદુદ્દીન ઓવૈસી હોય, તેમણે આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી. આ નિંદનીય છે અને લોકોએ ચિંતિત રહેવું જોઈએ. આ દેશ માટે આઘાતજનક ઘટના છે. જે લોકો કહે છે કે આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી, તેમને હું પૂછવા માંગુ છું કે પકડાયેલા બધા આતંકવાદીઓ મુસ્લિમ કેમ છે? તે હંમેશા ધર્મ સાથે જોડાયેલું છે, જેમ કે પહેલગામ (આતંકવાદી હુમલો) માં. આજે શરૂઆતમાં, જમ્મુ અને કાશ્મીર પોલીસે તપાસ દરમિયાન મોટી માત્રામાં IED બનાવવાની સામગ્રી અને દારૂગોળો જપ્ત કર્યો. ફરીદાબાદથી એક ડોક્ટરની ધરપકડથી ફરી એકવાર આતંકવાદના ધર્મ વિશે રાજકીય ચર્ચા શરૂ થઈ છે. મુસ્લિમ ડોક્ટરના ઘરેથી એમોનિયમ નાઈટ્રેટ અને શસ્ત્રો મળી આવ્યા બાદ, કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે પ્રશ્ન કર્યો કે આવા કિસ્સાઓમાં ધરપકડ કરાયેલા લોકો હંમેશા એક જ સમુદાયના કેમ હોય છે. પીડીપીના વડા મહેબૂબા મુફ્તીએ વળતો જવાબ આપ્યો.

### સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આમ કરવાથી એસ્ટોપલના સિદ્ધાંતનું ઉલ્લંઘન થાય છે

# ભાડૂઆત મિલકતના અધિકારોને પડકારી શકતો નથી : સુપ્રીમ

નવીદિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે આજે ભાડૂઆત અને મકાનમાલિક વચ્ચેના કેસમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જે ભાડૂઆત મિલકત માટે ભાડા કરાર કરે છે તે પછીથી મકાનમાલિકના માલિકીના અધિકારોને પડકારી શકતો નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આમ કરવાથી એસ્ટોપલના સિદ્ધાંતનું ઉલ્લંઘન થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, કલ્પના કરો કે તમે કોઈના ઘરમાં જાઓ છો અને ભાડા દસ્તાવેજ પર સહી કરો છો. આનો અર્થ એ છે કે તમે સ્વીકારો છો કે જેણે ઘર ભાડે આપ્યું છે તે વ્યક્તિ વાસ્તવિક માલિક છે. હવે, વર્ષો પછી, તમે દાવો કરી શકતા નથી કે ઘર તે વ્યક્તિનું નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાયદો ભાડૂઆતોને આવી કાર્યવાહી કરવાથી પ્રતિબંધિત કરે છે.



કોર્ટે જ્યોતિ શર્મા વિરુદ્ધ વિષ્ણુ ગોયલ કેસમાં આ ચુકાદો આપ્યો હતો, જેનો ઉપયોગ ભવિષ્યના કેસોમાં ઉદાહરણ તરીકે થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે ભાડૂઆત વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો અને મકાનમાલિકને મિલકતનો કબજો પાછો મેળવવા અને બાકી ભાડું ચૂકવવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે જે ભાડૂઆતના પરિવારે ૫૦ વર્ષથી વધુ સમયથી મૂળ માલિકને ભાડું ચૂકવ્યું હતું તે તેમના માલિકીના અધિકારોને પડકારી શકતો નથી. એક ત્યાગ દસ્તાવેજે પણ મૂળ માલિકના અધિકારોની પુષ્ટિ કરી હતી. કોર્ટે પુનરોચ્ચાર કર્યો કે ભાડૂઆતને ખાલી કરાવવાના કેસમાં માલિકીના પુરાવાની ચકાસણી એટલી કડક રીતે કરવામાં આવતી નથી જેટલી માલિકીની ઘોષણા માટેના અલગ કેસમાં થાય છે.

મકાનમાલિકનો આ દલીલ સ્વીકારવામાં આવી હતી કે ખાલી કરાયેલી જગ્યા તેના પતિના મીઠાઈ અને નાસ્તાના વ્યવસાયમાં જોડાવા અને વિસ્તરણ કરવા માટે કાયદેસરની જરૂરિયાત ધરાવે છે. સુપ્રીમ કોર્ટે મકાનમાલિક વિરુદ્ધ નીચલી અદાલતના આદેશોને રદ કર્યા. કોર્ટે ભાડૂઆતને જાન્યુઆરી ૨૦૦૦ થી બાકી ભાડું ચૂકવવાનો અને ભાડાની ચુકવણીમાં વિલંબ અને મકાનમાલિકની કાયદેસર જરૂરિયાતના આધારે મિલકત ખાલી કરવાનો આદેશ આપ્યો. એક ઐતિહાસિક નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે ભાડા દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા પછી ભાડૂઆત મકાનમાલિકના માલિકીના અધિકારોને પડકારી શકતો નથી.



પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# તેજસ્વી યાદવનો ચૂંટણી પંચ પર પ્રહાર

## ચૂંટણી પંચે પ્રથમ તબક્કામાં મતદાન કરનારા પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યાના આંકડા જાહેર કર્યા નથી

નવીદિલ્હી, તા. ૧૦

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આવતીકાલે, ૧૧ નવેમ્બરે મતદાન થવાનું છે. તેજસ્વી યાદવે ચૂંટણી પંચ અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે તેમણે સૌથી વધુ ૧૭૧ બેઠકો યોજી હતી. ''એવો કોઈ જિલ્લો કે બ્લોક બાકી નથી જ્યાં અમે મુલાકાત ન લીધી હોય.'' તેમની મોટી બહેન મીસા ભારતી પણ પત્રકાર પરિષદમાં હાજર હતી. વિપક્ષના નેતા તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે તેઓ ચૂંટણી પંચ પાસેથી કેટલાક પ્રશ્નોના જવાબ માંગે છે. ''સમસ્તીપુરમાં પત્રિકાઓ મળી આવી હતી,'' તેમણે કહ્યું. ''આ કારણે લોકો ડરી ગયા છે અને ગભરાઈ ગયા છે.

તેજસ્વીએ કહ્યું કે ગૃહમંત્રી પાસે કોઈ કામ નથી અને તેઓ હાલમાં પટનામાં કેમ્પિંગ કરી રહ્યા છે. તેમણે ઘણા વરિષ્ઠ અધિકારીઓને બોલાવ્યા છે અને તેમને અરાજકતા ફેલાવવા માટે સૂચનાઓ આપી છે. તેઓ અધિકારીઓને ચૂંટણી પહેલા કયા લોકોને ઉપાડવા તે અંગે માહિતી આપી રહ્યા છે. તેમનો ગભરાટ સૂચવે છે કે તેઓ જવાના છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમના લોકો દરેક પર નજર રાખી રહ્યા છે. ''આ માહિતી એ જ અધિકારીઓ પાસેથી મળી છે જેમને આ સૂચનાઓ આપવામાં આવી છે,'' તેમણે ઉમેર્યું. ચાર દિવસ પછી પણ, ચૂંટણી પંચે પ્રથમ તબક્કામાં મતદાન કરનારા પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યાના આંકડા જાહેર કર્યા નથી. આ કેમ છુપાવવામાં આવી રહ્યું છે? ચૂંટણી પંચ મૃત છે.



તેજસ્વી યાદવે કહ્યું કે તેમણે સૌથી વધુ ૧૭૧ બેઠકો યોજી હતી. ''એવો કોઈ જિલ્લો કે બ્લોક બાકી નથી જ્યાં અમે મુલાકાત ન લીધી હોય. લોકોનો મૂડ પરિવર્તન માટે છે. હવે ૨૦ વર્ષ જૂની સરકાર બદલવી પડશે. ૨૦ વર્ષ શાસન કરવા છતાં, NDA સરકારે બિહારને તળિયે છોડી દીધું છે. NDA એ ૨૦ વર્ષમાં બિહારને છેલ્લા સ્થાને ધકેલી દીધું છે.'' તેજસ્વી યાદવે કહ્યું, ''બિહારના લોકો આ વખતે ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. બિહારમાં બે નાયબ મુખ્યમંત્રી છે. અમે તેમને ગૃહમાં પૂછ્યું, 'અમને કહો કે બિહાર શું આગળ છે.' તેમાંથી કોઈ પણ જવાબ આપી શક્યું નહીં. અમારી સરકાર ૧૪મી તારીખે બનશે. આગામી દિવસોમાં બિહાર પ્રગતિ કરશે. બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા પહેલા, તેજસ્વી યાદવે ચૂંટણી પંચ અને ભાજપ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે ચૂંટણી પંચને ''મૃત'' ગણાવ્યું અને તેમના પર મતદાન ડેટા છુપાવવાનો આરોપ લગાવ્યો. તેજસ્વીએ ભાજપ પર અધિકારીઓ દ્વારા ચૂંટણીમાં ગોટાળા કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો છે.

### વિદેશમાં ફ્રુટ-શાકભાજીનું એક્સપોર્ટ-ઈમ્પોર્ટ કરતાં મવડીના વેપારીએ મહારાષ્ટ્રના વ્યક્તિ મારફત કોલકત્તાના અભિષેકનો સંપર્ક કરી બાંગ્લાદેશ શાકભાજીનો ધંધો વિકસાવવા પ્રયાસ કર્યો ને છેતરાયા

# આદૂના ધંધામાં વેપારીને ૨૧ લાખનો ચૂનો

### ગઠીયાએ બે ટ્રક ભરીને આદુનો જથ્થો રવાના તો કર્યો પણ બાંગ્લાદેશ બોર્ડરે બારોબાર વેંચી મારી રોકડા કરી લીધાઃ પછી પૈસા આપી દેશે કહી ફોન બંધ કરી દીધોઃ તાલુકા પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૧૦

ગઠીયાઓ કેવા કેવા ગાળીયા કરતાં હોય છે તેનો વધુ એક પુરાવો આપતી ઘટના સામે આવી છે. જેમાં શાકભાજી ફળોની વિદેશમાં આયાત-નીકાસ કરતાં મવડીના યુવા વેપારી સાથે મુળ કોલકત્તાના અને બાંગ્લાદેશમાં શાકભાજીનો ધંધો કરતાં શખ્સે એકવીસ લાખની ઠગાઇ કરી છે. યુવા વેપારીને બાંગ્લાદેશમાં શાકભાજી મોકલવા હોઇ તેણે મહારાષ્ટ્રના એક વ્યક્તિ મારફત કોલકત્તાના શખ્સનો સંપર્ક કરી વિશ્વાસે નાણા મોકલી દીધા હતાં. આદુ ખરીદી આ શખ્સે બાંગલાદેશ મોકલવાને બદલે ત્યાંની બોર્ડર પર બારોબાર સોદો કરી નાંખી એકવીસ લાખ ખાઇ લીધા હતાં. આ મામલે યુવા વેપારીએ છેતરપીંડીની ફરિયાદ દાખલ કરાવી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના મવડી રામધણ પાછળ રહેતાં અને દોઢસો ફુટ રીંગ રોડ સંસ્કાર હાઇટ્સમાં એક્સપોર્ટ ઈમ્પોર્ટની ઓફિસ ચલાવતાં યુવા વેપારીને બાંગ્લાદેશમાં રહી શાકભાજીનો વેપાર કરતાં કોલકત્તાના વેપારીએ આદુનો માલ બાંગ્લાદેશ મંગાવી બારોબાર આદુ વેંચી નાંખી તેના એકવીસ લાખ પાછા આપ્યા નહોતાંમવડી રામધણ પાછળ શ્રીનાથજી પાર્ક-૧માં રહેતા અને શાકભાજી અને ફળોના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા પચ્ચીસ વર્ષીય યુવા વેપારી ફેનીલભાઇ વિનોદભાઇ બારસીયાની ફરિયાદ પરથી તાલુકા પોલીસે મુળ કોલકત્તાના અને બાંગ્લાદેશમાં શાકભાજીનો ધંધો કરતાં અભિષેક રોય અને તપાસમાં ખુલે તેની સામે ઠગાઇની એફઆઇઆર દાખલ કરી છે.

આ યુવા વેપારી સાથે બાંગ્લાદેશમાં આદુની નિકાસના નામે રૂ. ૨૧ લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. લેટર ઓફ ક્રેડિટ-એલઓસીની મદદથી વિશ્વાસ કેળવી આરોપીએ વેપારી પાસેથી માલ ખરીદાવ્યો હતો અને ત્યારબાદ આ આખો જથ્થો મૂળ ગ્રાહકને મોકલવાને બદલે બારોબાર વેચી નાખી ગુનો આચર્યો હતો.ફેનીલભાઇ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા ચોકમાં ૯૦૬-સંસ્કાર હાઇટ્સમાં ઓફિસ ધરાવ છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તે શાકભાજી તેમજ ફ્રુટના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને શ્રીલંકા, બાંગ્લાદેશ, દુબઇ, યુકે, યુએસએ ખાતે ફળો, શાકભાજીનું




એક્સપોર્ટ-ઈમ્પોર્ટ કરે છે. તે આ વ્યવસાય અર્થે મહારાષ્ટ્રના નામપુર ખાતે ગયા હતા, જ્યાં તેમની મુલાકાત રાહુલભાઈ ઠાકુર સાથે થઈ હતી. ફેનીલભાઈએ બાંગ્લાદેશમાં વેપાર કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં રાહુલભાઈએ તેમને કોલકાતાના અભિષેક રોયનો સંપર્ક કરાવ્યો હતો.

અભિષેક રોયે ફેનીલભાઈને જણાવ્યું હતું કે તે બાંગ્લાદેશના વેપારીઓ માટે બેંકની લેટર ઓફ ક્રેડિટ એટલે કે એલઓસી અપાવે છે. ત્યારબાદ તા. ૧૮/૦૬/૨૦૨૫ના રોજ અભિષેક રોયે ફેનીલભાઈને વોટ્સએપ કોલ કરીને બાંગ્લાદેશમાં બે પાર્ટીના ૫૦-૫૦ ટન આદુના ઓર્ડર હોવાની વાત કરી અને એલઓસી અપાવવાની ખાતરી આપી હતી. આ પછી તા. ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ અભિષેક રોયે એલઓસી મોકલી, જે રાજકોટની ઇન્ડસઇન્ડ બેંક દ્વારા માન્ય કરાઈ હતી. આનાથી ફેનીલભાઈનો વિશ્વાસ કેળવાયો હતો. મંજૂર થયા બાદ તા. ૦૫/૦૭/૨૦૨૫ ના રોજ નાસિકમાં બંને વચ્ચે મુલાકાત થઈ અને કર્ણાટકના હસન ખાતેથી આદુનો માલ ખરીદવાનું નક્કી થયું હતું.

અભિષેક રોયના કહેવા પ્રમાણે ફેનીલભાઈએ શ્રી સિદ્ધિવિનાયક ટ્રેડર્સના ખાતામાં જુદી જુદી તારીખે નીચે મુજબની રકમો ઓનલાઈન એનઈએફટી દ્વારા ટ્રાન્સફર કરી હતી. આ પછી અભિષેક રોયએ ફેનીલભાઇને કહેલું કે આદુના બે ટ્રક બાંગ્લાદેશ બોર્ડરે મેં રવાનાક રી દીધા છે. આ ટ્રકની રિસીપ્ટ અને કાટા ચીઠ્ઠી માંગતા તેણે આપી નહોતી. તા. ૧૯/૭/૨૫ના રોજ અભિષેકે ફોન કરી બાકીનું પેમેન્ટ માંગતા તેને રકમ ચુકવી હતી. આ પછી અભિષેકે ટ્રકની આરસી બૂક અને ડ્રાઇવરનો નંબર વ્હોટ્સએપ કર્યા હતાં. ૨૩/૭ના અભિષેકે વ્હોટસએપ કોલ કરી બે ટ્રક સોના મસ્જીદ બોર્ડરે પહોંચી ગયા છે. ૨૫/૭ના ફરીથી ફોન આવેલો કે એડવાન્સ પેટે એક લાખ મોકલવાના છે.

આથી ફરી તેને રકમ મોકલી હતી. ત્યારબાદ ૩૦/૭ના રોજ બાંગ્લાદેશ બોર્ડર પર સાત દિવસ સુધી માલ ક્લીરન્સ ન થતાં ટ્રક ડ્રાઇવરને ફોન કરી ફેનીલભાઇએ માલ ખાલી કરવાનું કહ્યું હતું. આથી ડ્રાઇવરે હા પાડી હતી. બાદ ફેનીલભાઇને ખબર પડી હતી કે આદુનો માલ તેની જાણ બહાર ખાલી થઇ ગયો છે. એ પછી અભિષેકે ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. બાદ ફેનીલભાઇ અને તેના સગા ધ્રુવ ડોબરીયા, આકાશ જીયાણી એમ ત્રણેય કર્ટાટકના હસન ખાતે ગયા હતાં. ત્યારે અભિષેક સાથે ત્યાંથી ફોનમાં વાત થતાં તેણે કહેલુ કે તમારો આદુનો માલ મેં બારોબાર વેંચી નાંખ્યો છે અને તમારા એકવીસ લાખ તમને ૧૦/૮/૨૫ના રોજ આપી દઇશ. આથી અમે હસન ખાતે શ્રી સિધ્ધી વિનાયક ટ્રેડર્સ ખાતે ગયા હતાં. તેના માલિક દિપકભાઇએ બિલ્ટી અને કાટા ચીઠ્ઠી માંગી હતી.

પરંતુ અભિષેકે અમને આપી નહોતી. હવે અભિષેક અમને એકવીસ લાખ આપતો ન હોઇ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં ફેનીલભાઇએ કહેતાં પોલીસ ઇન્સ. ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કીશનભાઇ અજાગીયાએ એફઆઇઆર દાખલ કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે. આમ આદૂના ધંધાના નામે ગઠીયાએ રાજકોટના એક્સપોર્ટ ઇમ્પોર્ટના યુવા વેપારીને એકવીસ લાખનો ધૂંબો મારી દીધો હતો.

## સરધારના ગામોમાં ટ્રાન્સફોર્મમાંથી કોપર વાયર ચોરનાર બે ઝડપાયા

### આજીડેમ પોલીસે સરધાર, ભાવનગરના બે ને પકડ્યાઃ બે શખ્સની શોધખોળ

રાજકોટ તા. ૧૦

સરધાર પંથકના અલગ અલગ ગામોમાં પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાંથી કોપર વાયર ચોરી જવાનો ગુનો આજીડેમ પોલીસે ઉકેલી નાખી બે શખ્સને પકડી નાંખ્યો છે. પોલીસે રૂા. ૬૩,૭૫૦ના કોપર અને એલ્યુમિનીમના વાયરની ચોરી કરનાર બે શખ્સોને આજીડેમ પોલીસે પકડી લીધા છે.

વિગતો જોઇએ તો સુકી સાજડીયાળી રોડ પર ગોવિંદભાઇ હરીભાઇ મકવાણાની વાડીમાં તેની આસપાસ સાતવાડીમાં લગાવેલા પીજીવીસીએલના ટ્રાન્સફોમરની નીચે ઉતારી અજાણ્યા શખ્સો તેમાંથી કોપર અને એલ્યુમીનીયમના વાયરોની ચોરી કરી ગયા હોવાની પીજીવીસીએલના ઇજનેરે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં આરોપીઓને પકડવા માટે પોલીસ ઇન્સ. એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એસ.વી. ગોહિલ સહિતના સ્ટાફે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથધરી હતી. દરમ્યાન હેડકોન્સ દેવાંગભાઇ પાલા, કોન્સ હરપાલસિંહ જાડેજા અને ગોપાલભાઇ બોબીયાને બાતમી મળતા લાયાસરી ગામ પાસેથી હકુ કાનજીભાઇ ચારોલીયા (રહે. સરધારગામ હીરપર રોડ ગૌશાળાની બાજુમાં) તથા વિશાલ ઉર્ફે ભુરો રમેશભાઇ વાઘેલા (રહે. કઠવાગામ જી. ભાવનગર)ને રૂા. ૬૩,૭૫૦ની કિંમતના ચોરાઉ કોપર



અને એલ્યુમીનીયમના વાયરો સાથે પકડી લીધા હતા.

જયારે સુરેશ વેરશીભાઇ વાઘેલા અને વિજય વાઘેલાની શોધખોળ આદરી છે. આ કામગીરી પીએસઆઇ એસ.વી. ગોહીલ, એ.એસ.આઇ. હારૂનભાઇ ચાનીયા, હેડ.કોન્સ. પિયુષભાઇ ચીરોડીયા, હરપાલસિંહ જાડેજા, સંજયભાઇ બારોટ, દેવાંગભાઇ પાલ, ભરતભાઇ જોગીયા, કોન્સ. હરપાલસિંહ જાડેજા , ગોપાલભાઇ બોળીયા, વિરેન્દ્રસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, પ્રદિપસિંહ ગોહીલ, દેવાભાઇ ધરજીયા, મહેરભાઇ કોઠીવાળ, વિશ્વરાજસિંહ પરમાર, કોન્સ.ધારાબેન મેઘાણી દ્વારા કરવામાં આવી હતી. વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### ૩૪ વર્ષની યુવતીને શોધવા આજીડેમ પોલીસ દ્વારા તપાસ શરૂ

## પરિવારને સુતા રાખી યુવતી ગૂમ

રાજકોટ, તા.૧૦

શહેરમાં રોજબરોજ કોઈને કોઈ વિસ્તારમાંથી અબાલવૃદ્ધ ગૂમ થઇ રહ્યા છે. આવા બનાવોમાં કાતો પરિવારના ઝગડા કારણભૂત હોય છે અથવાતો કોઈનો ત્રાસ. અમુક તો સાવ પરિવાજનોને ધંધે લગાડવા ઘરમાંથી ગૂમ થઇ રહ્યા હોવાની પોલીસ દફતરે જાણ કરવામાં આવે છે. આવી વધુ એક જાણ પોલીસમાં કરતા હવે પોલીસ પણ યુવતીને શોધવા ધંધે લાગી છે.

ગોંડલ રોડ પર રહેતી ૩૪ વર્ષની યુવતી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી જતા આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છેપ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ રોડ પર, પીરવાડી પાસે, સનાતન પાર્ક શેરી નં. ૪માં રહેતા પ્રકાશભાઈ ચૌહાણની ૩૪ વર્ષની પુત્રી રીનાબેન ૯મીના બપોરે ત્રણ વાગ્યે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા બાદ તપાસ કરવા છતાં ક્યાંય નહીં મળતા આ બારાની આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.




ગુમ થયેલા રીનાબેન ના ભાઈ હિતેશભાઈએ 'રાજકોટ મિરર'ને જણાવ્યું હતું કે પોતે લાદીકામની મજૂરી કરે છે. તેમના માતા અને પિતા નિવૃત્ત જીવન ગાળે છે તેમજ પોતે પરણિત છે. રવિવારના ઘરમાં પોતાના સિવાય તમામ સભ્યો બપોરના આરામ કરતા હતા ત્યારે રીનાબેન કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા છે. પરિવારમાં પણ કોઈપણ જાતનો ડખો નથી કે કોઈ તેમને વઢ્યા નથી છતાં રીનાબેન આવી રીતે કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી જાતા ચૌહાણ પરિવારના તમામ સભ્યો ચિંતામાં મુકાઈ ગયા છે.

## માધાપર ચોકડીએથી ક્રાઇમ બ્રાંચે દારૂ સાથે એકને પકડ્યો : બે નામ ખુલ્યા

### એક લાખનો દારૂ કબ્જેઃ થાનના શખ્સે રામનાથપરાના શખ્સને પહોંચાડવા જથ્થો મોકલ્યો હતો

રાજકોટ, તા.૧૦

દારૂની હેરાફેરીનો વધુ એક વખત ક્રાઇમ બ્રાંચની ટીમે પર્દાફાશ કરી માધાપર ચોકડી પાસેથી એક શખ્સને એક લાખથી વધુના વિદેશી દારૂ સાથે પકડી લેવાતા મોકલનારા અને મંગાવનારાના નામ પણ સામે આવ્યા હતાં.

વિગતો જોઇએ શહેર ક્રાઇમ બ્રાંચની ટીમ દારૂબંધીના કાયદાનું કડક પાલન કરાવતી વખતે માધાપર ચોકડી વિસ્તારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરીને કુલ ૧,૦૯,૮૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે, જ્યારે આ નેટવર્કના અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. પી.આઈ. એમ.આર. ગોંડલીયાની સૂચનાથી કોન્સ. મનીષભાઈ પી. ચાવડા, હેડકોન્સ. દીપકભાઈ એમ. ડાંગર, એએસઆઇ વિજયભાઈ સોઢા અને કોન્સ. ધર્મરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ ખાનગી વાહનોમાં



પેટ્રોલિંગ કરી રહ્યો હતો.

આ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે માધાપર ગામની સીમમાં મનહરપરથી ડેમ તરફ જતા રસ્તે ખંઢેર પાસેની ઝાડીમાં મોહન નામનો શખ્સ વિદેશી દારૂ સંતાડીને ભો છે. આ બાતમીને આધારે પોલીસ ટીમે તરત જ ઘટનાસ્થળે પહોંચીને બાતમીવાળા ઈસમને કોર્ડન કર્યો હતો. પોલીસે મોહન લખમણભાઈ સોલંકી (ધંધો મજુરી, રહે-સર્વોદય સોસાયટી, થાનગઢ, જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. પચ્ચીસ વર્ષના આ શખ્સે ઝાડીમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ખોલીને જોતાં રૂા. ૮૯૦૪૦નો ૩૩૬ બોટલ દારૂ મળતાં તે તથા મોબાઇલ ફોન કબ્જે કર્યા હતાં. મોહનની પુછપરછ થતાં મોહને આ દારૂ થાનગઢના હરદીપ કાઠીએ આપ્યાનું અને રાજકોટ રામનાથપરાના દેવ રમેશભાઇ ગોહેલને આપવાનો હોવાનું કબુલતાં આ બંનેને ઝડપી લેવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## ભેજાબાજ ગ્રાહકો ૧.૯૨ લાખની બોગસ નોટો બેંકમાં ધાબડી ગયા!

### ICICIના બેંક મેનેજરની બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ




રાજકોટ. તા.૧૦

શહેરની આઈસીઆઈસીઆઈ બેંકમાં એક વર્ષ દરમિયાન જુદી જુદી શાખાઓમાં ભેજાબાજ ગ્રાહકો ૧.૯૨ લાખની ૬૦૨ ખોટી-બોગસ નોટ ભરણામાં ભરી ગયા હોવાની મોરબી રોડ પરની શાખા દ્વારા બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ કરાઈ છે.

આ બાબતે મોરબી રોડ સ્થિત શાખાના, કરન્સી ચેસ્ટના મેનેજર અને રરૈયા રોડ પરના વૈશાલી નગરમાં રહેતા સંદીપભાઈ ગુણવંતરાય ગંઢેચાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદએમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર કચ્છની આઇસીઆઇસીઆઇ કરન્સી ચેસ્ટ બેન્કની તમામ શાખાઓની જે નોટો આવે તે બેંકમાં કરન્સી ચેસ્ટ બ્રાન્ચના મશીન દ્વારા નોટનું ચેકિંગ કરી બનાવટી છે કે કેમ તેની તપાસ કરવાનું કાર્ય સંભાળી રહ્યા છે. તેમની રાજકોટ અને સૌરાષ્ટ્ર કચ્છની શાખાઓમાં ઓક્ટોબર ૨૦૨૪ થી ઓક્ટોબર ૨૦૨૫ના એક વર્ષ દરમિયાન ભેજાબાજ ગ્રાહકો દ્વારા કુલ રૂપિયા એક ૧.૯૨ લાખની ૬૦૨ જાલી નોટો ધાબડી ગયા હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે. ભરણામાં આવેલી નોટોમાં ૫૦ ના દરની ૯, ૧૦૦ના દરની ૧૪૬, ૨૦૦ ના દરની ૧૫૫ અને ૫૦૦ના દરની ૨૯૨ નોટ બોગસ હોવાનું જોવા મળતા આં બારાની પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

## તલાટી મંત્રી ઉપર હુમલો કરનારા રિમાન્ડ પર

### એક કરોડના દસ કરોડ માંગીને વ્યાજખોરોએ ગૂમ થનાર યુવાનના ભાઈ પર કર્યો'તો હુમલો

રાજકોટ, તા.૧૦

એક કરોડના દસ કરોડ માંગવાના વ્યાજખોરોના ત્રાસથી ગૂમ થયેલા યુવાનના તલાટી મંત્રી એવા ભાઈ પર ખૂની હુમલામાં પકડાઈ ગયેલા પાંચેયના કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે મુખ્ય સુત્રદ્ધાર વિજયને બનાવ સ્થળે લઈને રીહર્શલ કરાવીને કાયદાના પાઠ ભણાવ્યા હતા.

૧૫૦ ફૂટ રિંગરોડ પર, શાસ્ત્રીનગરમાં રહેતાં અને કાલાવડમાં રેવન્યુ તલાટી તરીકે નોકરી કરતા દિલિપભાઇ વિનુભાઇ વિરડા (ઉ.વ.૩૬) એ મેટોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે વિજય નારણ મકવાણા સહીત અન્ય શખસોના નામ



આપ્યા હતા. જે તમામને મેટોડા પીઆઇ એસ.એચ.શર્માના માર્ગદર્શન હેઠળ પોલીસે શાસ્ત્રીનગર, શેરી-૨, ગાંધીગ્રામ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા મુખ્ય આરોપી વિજય નારણ મકવાણા, મુકેશ ધવલ મહેતા, અબ્બાસ ઉર્ફે અબ્બુ અક્રમ રાઠોડ અને દિલીપ ઉર્ફે પીન્ટુ ભીખુ રાઠોડ સહિતના પાંચેય આરોપીઓને ઝડપી લીધા હતાં.

પોલીસ તપાસમાં અન્ય આરોપીઓએ કબુલાત આપી હતી કે, વિજયના પૈસાની ઉઘરાણી કરવા માટે દિલીપ ઉર્ફે પીન્ટો ભીખુ રાઠોડના કહેવાથી તલાટી પર હુમલો કર્યો હતો. પોલીસે આરોપીઓને રિમાન્ડની માંગણી સાથે કોર્ટ સમક્ષ રજુ કરતા અદાલતે આરોપીઓના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું મેટોડા જીઆઈડીસી પોલીસે જણાવ્યું હતું.

## એકતા યાત્રાના આયોજન અંગે યોજાઈ બેઠક

### વિવિધ આઠ સ્થળોએ વિધાનસભા દીઠ પદયાત્રા ઉપરાંત શિબીરો-સ્પર્ધાઓ-શપથ ગ્રહણ-સફાઈ વગેરેના કાર્યક્રમો યોજાશે

રાજકોટ, તા.૧૦

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાજકોટ શહેર અને જિલ્લામાં પદયાત્રા ઉપરાંત વિવિધ શિબીરો-સ્પર્ધાઓ-શપથ ગ્રહણ-સફાઈ વગેરેના કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઇ હતી.

નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમે આ બેઠકમાં જણાવ્યું હતું કે રાજકોટ દક્ષિણ, પશ્ચિમ, પૂર્વ અને ગ્રામ્ય ઉપરાંત ધોરાજી, જેતપુર, ગોંડલ તથા જસદણની વિધાનસભા બેઠકો પર ૮ થી ૧૦ કિલોમીટરની પદયાત્રા યોજાશે.

આ ઉપરાંત યંગ લીડર્સ સ્પર્ધા, ક્વિઝ-નિબંધ-વકતૃત્વ-પોસ્ટર સ્પર્ધા, એન.એસ.એસ. ના વાર્ષિક કેમ્પ, શહેર તથા ગ્રામ્ય વિસ્તારોની જાહેર પ્રતિમાઓની સફાઈ, જળ સ્ત્રોતોની સફાઈ, નશામૂક્તિ તથા યોગ શિબિર, શેરી નાટક, એકતા અંગેના શપથ વગેરે કાર્યક્રમો યોજાશે. 'સરદાર સ્મૃતિવન'ની સ્થાપના કરવાની સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ ૫૬૨ વૃક્ષો વાવવામાં આવશે.

આઠ વિધાનસભા બેઠકોના વિસ્તારમાં યોજાનારી પદયાત્રા અંગેના રૂટ પણ આ બેઠકમાં નિયત કરાયા હતા. રાજકોટ શહેર તથા જિલ્લામાં



યોજાનારી પદયાત્રામાં મહત્તમ લોકો સહભાગી બને તે માટે જિલ્લાના પદાધિકારીઓ સાથે સંકલનમાં રહી કામગીરી કરવા કલેક્ટર ઓમ પ્રકાશે સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓને સુચના આપી હતી.

બેઠકમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને ઉદય કાનગડ, અગ્રણી માધવ દવે, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, એડિશનલ કલેક્ટર મહેક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ અને જય ગોસ્વામી, જિલ્લા આયોજન અધિકારી નીતિન ટોપરાણી, પ્રાંત અધિકારીઓ ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડા સહિત સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનપાના પૂર્વ પ્રમુખ મનસુખભાઈ જોશીની ચીર વિદાય

### અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી, પ્રમુખ તરીકે ફરજ બજાવીને સુવાસ ફેલાવી

રાજકોટ, તા.૧૦

સૌરાષ્ટ્ર-ગુજરાતના જાહેર જીવનના અગ્રણી, રાજકોટ મહાનગર પાલિકાના પ્રમુખ મનસુખભાઈ સી. જોશીનું આજે નિધન થતા પરિવારજનો અને સેવાભાઈ સંસ્થાઓએ શોક વ્યક્ત કર્યો છે.

સદગત મનસુખભાઈ જોશીએ રાજકોટ-૨ ના પૂર્વ ધારાસભ્ય તરીકે, ગુજરાત સરકારમાં શ્રમ, રોજગાર અને ગૃહનિર્માણ વિભાગના કેબીનેટ મંત્રી તરીકે સેવાઓ આપી, લોકઉપયોગી કામો, સમસ્યાઓ હલ કરાવીને કરીને પ્રજાના હમદર્દી બન્યા હતા. તેઓ મહાત્મા ગાંધી, ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી લાલ બહાદુર શાસ્ત્રી કેળવણી મંડળ અને બાલભવનના ટ્રસ્ટી તરીકે સેવા આપતા હતા. જ્યારે રાષ્ટ્રીય શાળા, ક.બા.ગાંધી ડેલાના તેમજ સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટના પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવતા હતા.

રાજકોટ કોમર્શીયલ કો.ઓપ.બેંક (આરસીસી બેન્ક ) તેમજ સીટીઝન બેન્કના તેઓ સ્થાપક હતા.. તેમજ જનતા ક્રેડીટ સોસાયટીના ચેરમેન, રાષ્ટ્રભાષા પ્રચાર સમીતી-વર્ધાના પ્રમુખ, ભારતીય સ્ટાઉટ ગાઇડ સંઘના પ્રમુખ, ભારત સેવા સમાજ-ગુજરાતના અધ્યક્ષ તેમજ ભારત સેવક સમાજ રાજકોટનું અધ્યક્ષ પદ સંભાળી રહ્યા હતા. ફૂલછાબ દૈનિકના પૂર્વ મેનેજર તરીકે પણ તેઓએ સૌરાષ્ટ્રના અખબારી એજન્ટોના દિલ જીત્યા હતા. એ સિવાય નુતન સર્વોદય હાઉસીંગ સોસાયટીના સ્થાપક પ્રમુખ હતા. અમદાવાદના



યુવક વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટી, વિશ્વ ગુજરાતી સમાજ અમદાવાદના સ્થાપક, ટ્રસ્ટી, અકસ એમ.એલ.એ. કાઉન્સીલના પણ સ્થાપક સભ્ય હતા. ઉપરાંત દિલ્હી ખાતે ઓલ ઈન્ડીયા સાંપ્રદાયીકતા વિરોધી સમીતીના સ્થાપક ટ્રસ્ટી હતા કે જેના ચેર પર્સન સોનિયા ગાંધી છે. રાજકીય કારકિર્દીમાં તેઓએ નગર પાલીકાના પ્રમુખ તરીકે અને રાજકોટના ધારાસભ્ય, . ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ, મહામંત્રી તેમજ રાજકોટ શહેર જીલ્લા કોંગ્રેસના પ્રમુખ યુવક કોંગ્રેસના પ્રદેશમંત્રી વિગેરે અનેકજવાબદારીઓ સફળતાપૂર્વક સંભાળી ચુકયા છે. આલ્કલીઝ

એન્ડ કેમીકલ લી. (જીએસીએલ) તેમજ ગુજરાત વિદ્યુતબોર્ડના પિરેકટર તરીકે પણ તેઓએ સેવા આપી ચુક્યા છે. મનસુખભાઈ જોશીનું આજે ૧૦મી નવેમ્બરના રોજ નિધન થતા સૌરાષ્ટ્ર-ગુજરાતની સેવાભાવી સંસ્થાઓએ અનન્ય સમાજ, સંસ્થા સેવક ગૂમાવ્યાનો શોક વ્યક્ત કર્યો હતો.

### પાકી રહેલી એફડી ઉપાડવી હોઇ ગૂગલ પર બેંકના કસ્ટમરકેરનો નંબર સર્ચ કર્યો ને ફસાયા

# બેંક કર્મીના નામે વૃદ્ધા સાથે ૯૧ લાખની ઠગાઈ

## ગઠીયાએ પ્રોસીઝરના નામે આધારકાર્ડ, ડેબીડ કાર્ડના નંબર, પાસવર્ડ મેળવી ઠગાઇ કરી લીધીઃ બીજી ઘટનામાં સસ્તામાં મોબાઇલ ખરીદવા જતાં વેપારી છેતરાઇ ગયા

રાજકોટ, તા. ૧૦

લોકોને કેવી રીતે છેતરી લેવા ગાળીયા કરી નાખવા તે વાત ગઠીયાઓ સારી પેઠે જાણી ગયા છે. વધુ આવી ઠગાઇના બનાવો સામે આવ્યા છે. જેમાં એક વૃધ્ધાને બેંક કર્મચારીની ઓળખ આપી તમારી એફડી પાકી ગઇ છે અને તે રકમ ઉપાડી લેવી પડશે તેમ કહી ગઠીયાએ રૂપિયા એકાણુ લાખ દસ હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. બીજી તરફ સસ્તામાં મોબાઇલ ફોન વેંચવાના નામે વેપારી સાથે ત્રણ પરિચીતો જ કળા કરી છેતરપીંડી કરી ગયા હતાં.

એકાદ કરોડ આસપાસની ઠગાઇના નામે વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં રહેતા સત્યાસી વર્ષીય વૃદ્ધાએ બેંકમાં વીસ લાખ રૂપિયાની એફડી કરાવી હતી. જે રકમ પાકી ગઇ હોવાથી ઉપાડવાની હતી. આ દરમિયાન ઠગે બેંક કર્મચારીની ઓળખ આપીને તેમના રૂપિયા ટ્રાન્સફર કરી આપવાનું કહીને આધારકાર્ડ અને ડેબિટકાર્ડ માંગ્યા હતા, ત્યારબાદ તેમના એકાણુ લાખ દસ રૂપિયા અન્ય બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરીને છેતરપિંડી કરી હતી, જેથી વૃદ્ધાએ આ મામલે સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગાઇની ફરિયાદ નોંધવતાં તપાસ શરૂ થઇ છે. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં સત્યાસી વર્ષના વૃદ્ધા રહે છે, તેમના પતિનું નિધન થયું હતું. તેઓ લંડનમાં સરકારી ડોક્ટર હતા. તેમણે અગાઉ રૂપિયા વીસ લાખની એફડી કરાવી હતી. હાલમાં તેમની એફડીના વીસ લાખ દસ હજાર રૂપિયા બેંક ખાતામાં જમા થયા હતાં. આ નાણા અન્ય બેંક એકાઉન્ટ નંબરમાં ઓનલાઈન ટ્રાન્સફર કરવાના હતા. જેથી વૃદ્ધાએ ઓનલાઇન ગૂગલ પર બેંકનો કસ્ટમર કેરનો નંબર સર્ચ કર્યો હતો અને તે નંબર પરથી ફોન કર્યો હતો.

દરમિયાન સામેથી વ્યકિતએ પોતાનું નામ અભિષેક જણાવ્યું હતું અને તે બેંકના કસ્ટમર સર્વિસમાંથી વાત કરે છે તેમ જણાવ્યું હતું. જેથી વૃદ્ધાએ કહ્યું હતું કે, તેમના બેંકમા રહેલા નાણા અન્ય બેંકમાં ટ્રાન્સફર કરવા છે, ત્યારબાદ વૃદ્ધાનો ફોન કોલ ફોરવર્ડ કરી આપ્યો હતો. ત્યારબાદ વૃદ્ધાના દરેક ફોન ફોરવર્ડ થવા લાગ્યા હતા. ત્યારબાદ તેણે વૃદ્ધાનું આધારકાર્ડ માગ્યું હતું. જેથી આધારકાર્ડ અને ડેબીટ કાર્ડ ઓનલાઈન મોકલી આપ્યા હતા. ત્યારબાદ ભેજાબાજોએ મોબાઇલ હેક કરીને તેમના બંને બેંકના ખાતામાંથી ગત ઓક્ટોબર મહિના દરમિયાન ૯૧.૧૦ લાખ રૂપિયા બારોબાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરીને વૃદ્ધા સાથે છેતરપીંડી કરી લેવાઇ હતી. જેથી વૃદ્ધાએ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.




ઠગાઈની બીજી ઘટના વડોદરાની છે. જેમાં ગોરવા વિસ્તારમાં એક વેપારીએ સસ્તા મોબાઇલની જાહેરાતના નામે ત્રણ પરિચિતો સાથે છેતરપિંડી કરતાં પોલીસ ફરિયાદ નોંધાઇ છે. લક્ષ્મીપુરાની શિવાલય રેસિડેન્સીમાં રહેતા દિવ્યેશ ભટ્ટે પોલીસને કહ્યું છે કે,અમીન પાર્ટી પ્લોટ સામે વિહવ સુપ્રીમ્સમાં કપડાં,મોબાઇલ,ઘડિયાળ જેવી ચીજોનો વેપાર કરતા ભાવિન શાહનો મારા મિત્ર સમીર આચાર્ય દ્વારા પરિચય થયો હતો. ભાવિન અવારનવાર સોશ્યલ મીડિયા પર મોબાઇલના ફોટા અને કિંમત સાથે જાહેરાત મુકતો હોવાથી મેં એક ફોન ખરીદી રૂપિયા ૫૧૫૦૦ ચૂકવ્યા હતા.આવી જ રીતે મારા મિત્ર સમીર આચાર્યએ ૨૫ હજાર અને કિરણ મિસ્ત્રીએ ૫૦હજાર ચૂકવ્યા હતા. પરંતુ ભાવિને અમને કુરિયરનો ફોટો મોકલી હજી સુધી મોબાઇલ મોકલ્યા નથી.તેણે અમને કુલ રૂ.૫૧૫૦૦ પરત કરી બાકીના ૭૫ હજાર આપ્યા નથી. જેથી પોલીસે ઠગાઇનો ગુનો નોંધ્યો હતો. અહિ ફ્રોડથી રકમ નાની છે પરંતુ ગઠીયાઓ જે મળે તે અને જે રીતે મળે એ રીતે ફ્રોડ કરી ગામને છેતરીને ગજવા ભરી લેતાં હોય છે. લોકોને ઘણીવાર લાલચ પણ લઇ ડુબતી હોય છે. અહિ પણ વેપારીને સસ્તા મોબાઇલની લાલચમાં ડામ આવી ગયો હતો.

### કુવાડવા જીઆઇડીસીમાં થયેલી મારામારીમાં ઘાયલ યુવાને દમ તોડ્યોઃ ઘટના ખૂનમાં પરિણમી

# મજાક મશ્કરીમાં યુવાનને ઉતાર્યો મોતને ઘાટ

## બંને વચ્ચે રૂમમાં ચડભડ થયા બાદ એકને બીજાએ આડેધડ બોથડ પદાર્થ ફટકાર્યા હતાં : મુળ બિહારી યુવાનનો જીવ ગયો : હત્યાનો ગુનો નોંધી કુવાડવા રોડ પોલીસે આરોપીને લીધો સકંજામાં

રાજકોટ, તા. ૧૦

શહેર પોલીસ કમિશનરેટ એરીયામાં હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. કુવાડવા જીઆઇડીસી વિસ્તારમાં આવેલી એક ડીઝલ એન્જીન પાર્ટ્સ બનાવતી કંપનીના મજૂરો વચ્ચે ઓરડીમાં શુક્રવારે રાત્રે લોહિયાળ ઝઘડો થયો હતો. એક મજૂરે બીજા મજૂર પર જીવલેણ હુમલો કરીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. સારવાર દરમિયાન આ યુવાનનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. મરનાર અને મારનાર બંને બિહારના વતની છે. મજાક મશ્કરીમાં આ ડખ્ખો થયો હતો અને યુવાનનો જીવ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા જીઆઇડીસીમાં શનિવારે મુળ બિહારના યુવાન પર રૂમમાં તેના જ વતનના યુવાને હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સારવારમાં આ યુવાનનું મોત થયું છે. આ બનાવ અંગે કંપનીના માલિકે હુમલો કરનાર સાથી મજૂર વિરૂધ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાવ્યો હતો. સારવાર દરમિયાન આ મજૂરનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે રાજકોટના રાજવાટીકા સોસાયટીમાં રહેતા અને કુવાડવા જીઆઇડીસી ખાતે બ્રાયન ઈન્ટરનેશનલ નામની ડીઝલ એન્જીન પાર્ટ્સ બનાવતી કંપની ચલાવતા જયેશભાઇ અમૃતભાઇ વસોયાની ફરિયાદ નોંધી હતી. ફરિયાદ મુજબ



ગત તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ કંપનીનું કામ સાંજે સાત વાગ્યે પુરૂ થયા બાદ જયેશભાઇ અને તેમના ભાઈ ઘરે ગયા હતા.

કંપનીના ઓરડીઓમાં રહેતા ચાર મજૂરો પૈકીના અવધેશકુમાર શિવકુમાર સિંહ અને વિશાલકુમાર જયનારાયણ ભારતી જે ચોવીસ વર્ષનો હતો તે હાજર હતા. બાદ મોડી રાત્રીના સાડા બારેક વાગ્યે જયેશભાઇને કંપનીના મજૂર સંજયભાઇનો ફોન આવ્યો હતો કે અવધેશકુમાર અને વિશાલકુમાર વચ્ચે ઝઘડો થયો છે અને વિશાલકુમાર લોહીલુહાણ હાલતમાં છે. આથી તેઓ તાત્કાલિક કંપનીએ પહોંચતા જોયું કે વિશાલકુમાર બેભાન અવસ્થામાં પડ્યો હતો અને તેમના માથામાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું. ૧૦૮ મારફતે તેમને તાત્કાલિક પહેલા કુવાડવા સીએચસી કેન્દ્ર અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ખસેડતાં દાખલ કરાયો હતો.

વિશાલકુમારની સારવાર ચાલુ હતી અને તે બેભાન હતો. ડૉક્ટરના રિપોર્ટ મુજબ તેને માથાના ભાગે, ડાબા કાન ઉપર, જમણા કાન ઉપર, માથાના પાછળના ભાગે અને માથાના ઉપરના ભાગે તેમજ ડાબા હાથના બાવડા પર ગંભીર ઇજાઓ પહોંચી હતી. ફરિયાદમાં જયેશભાઇએ જણાવ્યું છે કે આરોપી અવધેશકુમારે વિશાલકુમાર સાથે કોઇ કારણોસર ઝઘડો કરીને જાનથી મારી નાંખવાના ઈરાદે કોઇ હથીયાર વડે આડેધડ ઘા કરીને આ ગુનો આચર્યો હતો. કુવાડવા રોડ પોલીસે આરોપી અવધેશકુમાર શિવકુમાર સિંહ વિરૂધ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હુમલો કર્યા બાદ આરોપી ફેક્ટરી ખાતે જ હાજર હોઇ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ઇન્સ. બી. પી. રજયાના માર્ગદર્શનમાં પીએસઆઇ બી.વી. ભગોરાએ કાર્યવાહી કરી હતી. આરોપી હાલ સકંજામાં હોઇ તેની વધુ પુછતાછ થઇ રહી છે.

હુમલામાં ઘાયલ કર્મચારી વિશાલકુમારને હોસ્પિટલે લાવવામાં આવ્યો ત્યારે અન્ય કર્મચારીઓએ મજાક મશ્કરી બાબતે માથાકુટ થયાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીની વધુ પુછતાછ શરૂ કરી છે. હત્યાનો ભોગ બનનાર યુવાન વિશાલકુમાર ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો હતો અને તે મુળ બિહારનો વતની હતો. હત્યાની આ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે.

### વાહનચાલકોની બેફામ ઝડપી બની રહી છે બીજા લોકો માટે જોખમી-જીવલેણ

# કાર વિદ્યાર્થી માટે બની 'કાળ'

## કાલાવડ રોડ પર બનાવઃ અર્જુન પાર્કનો યુવાન ટુવ્હીલર લઇને ઘરે જતો હતો ત્યારે કારવાળાએ ઉલાળી દેતાં ઘટના સ્થળે જ મોતઃ કાર મુકી ચાલક ભાગી ગયોઃ પીધેલો હોવાની ચર્ચાઃ કારમાંથી ખાલી ચપલુ મળ્યાની ચર્ચા

રાજકોટ, તા. ૧૦

કટલાક વાહનચાલકોની ઝડપ તેના પોતાના માટે તો ઠીક બીજા વાહનચાલકો, રાહદારીઓ માટે પણ જોખમી અને જીવલેણ બની જતી હોય છે. શહેરમાં અવાર-નવાર બેફામ ઝડપે દોડતી કારની ઠોકર કોઇને કોઇ પરિવારના લાડકવાયા કે મોભીના જીવ લઇ લે છે. આવી જ વધુ એક ઘટનામાં એક બેફામ સ્પીડથી કાર હંકારનારે ટુવ્હીલરને ઠોકરે ચડાવી ફંગોળી દેતાં આ ટુવ્હીલરના ચાલક એવા કારખાનેદારના પુત્ર અને વીસ વર્ષના મારવાડી કોલેજના વિદ્યાર્થીનું કમકમાટી ભર્યુ મોત થયું છે. કાલાવડ રોડ પર આ ઘના બની હતી. જેમાં બીએમડબલ્યુ કારનો ચાલક એક પરિવારના લાડકવાયા માટે કાળ બની ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ નજીક અકસ્માતની ઘટના બની છે. જેમાં સ્ટીલ ફર્નિચર કારખાનાના માલિકના મારવાડી કોલેજમાં અભ્યાસ કરતાં ૨૦ વર્ષીય પુત્રનું ટુવ્હીલર સહિત બીએમડબલ્યુ કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું છે. અકસ્માત સર્જી કાર મુકી ચાલક નીકળી ગયો હતો. કારમાં પણ આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. રાત્રીના બે વાગ્યા આસપાસ કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલ નજીક માનસિક ક્ષતિવાળા બાળકોના ગૃહ નજીક બેફામ ગતિએ આવતી એક બીએમડબલ્યુ નં. જીજે૦૩એનબી-૭૩૦૧ના ચાલકે ટુવ્હીલર નં. જીજે૦૩પીઇ-૯૮૧૨ને ઉલાળી દેતાં ટુવ્હીલર ઉલળી ગયું હતું અને તેના












ચાલકનું ઘટના સ્થળે જ ગંભીર ઈજા થતાં મૃત્યુ થઇ ગયું હતું

આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારના આગળના ભાગનો ભૂક્કો બોલી ગયો હતો અને ટુવ્હીલરનો પણ બૂકડો બોલી ગયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. કાર અંદર દારૂનું બ્લુ રંગનું ચપલુ હોવાના વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતાં. બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમ પહોંચી હતી. તેના તબિબે ટુવ્હીલર ચાલકને મૃત જાહેર કર્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ થતાં હેડકોન્સ. કિશનભાઇ અજાગીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. બનાવની જાણ થતાં મૃતક યુવાનના સગા પરિવારજનો પહોંચી ગયા હતાં. આ યુવાનની ઓળખ થઇ હતી. મૃત્યુ પામનાર યુવાનનું નામ અભિષેક દેવેન્દ્રભાઇ નાથાણી હોવાનું ખુલ્યું હતું. આ હતભાગી મૃતકની ઉમર વીસ વર્ષ જ હતી.

પોલીસે મૃત્યુ પામનાર અભિષેકના મોટા ભાઇ કેવલભાઇ દેવેન્દ્રભાઇ નાથાણી (સાઇકૃપા મકાન, અર્જુન પાર્ક સોસાયટી, કોઠારીયા રોડ નંદા હોલ પાસે)ની ફરિયાદ પરથી કાર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. કેવલભાઇએ જણાવ્યું હતું કે રાતે બે વાગ્યાની આસપાસ આ અકસ્માતની ઘટના બની હતી. કેવલભાઇએ કહ્યું હતું કે તેમને તેમના ભાઈ અભિષેકના મિત્ર હિરેન રાઠોડનો ફોન આવ્યો હતો કે અભિષેકનો ક્રિસ્ટલ મોલ નજીક અકસ્માત થયો છે.

આથી કેવલભાઈ તાત્કાલિક તેમના અન્ય ભાઈ ધ્રુવને સાથે લઈને ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં તેમણે જોયું કે તેમનો ભાઈ અભિષેક રોડ પર સૂતેલો હતો અને ૧૦૮ની ટીમ પણ હાજર હતી. ઘટનાસ્થળે રોડની સાઇડમાં અભિષેકનું એક્સિસ સ્કૂટર ભયંકર રીતે અકસ્માતગ્રસ્ત હાલતમાં પડેલું હતું. રોડની વચ્ચોવચ ભેલી બીએમડબલ્યુ કાર નં. જીજે૦૩એનપી ૭૩૦૧ના આગળના ભાગે બોનેટ અને બમ્પરને પણ ભારે નુકસાન થયું હતું. કેવલભાઇ નાથાણીએ ફરિયાદમાંજણાવ્યું છે કે બીએમડબલ્યુ કારના ચાલકે પોતાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી, અભિષેકના સ્કૂટરને ટક્કર મારી તેને ઉડાડી દીધો હતો.

આ અકસ્માતના કારણે અભિષેકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ૧૦૮ના ઇએમટી સૌરભભાઈ દ્વારા અભિષેકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે બેફામ અને ગફલતભર્યું ડ્રાઇવિંગ કરીને માનવ વધ કરવાનો ગુનો નોંધી બીએમડબલ્યુ કારના ચાલકને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી. મૃત્યુ પામનાર અભિષેકના પિતા-ભાઇને કોઠારીયા રોડ પર બાલાજી નામે સ્ટીલ ફર્નિચરનું કારખાનુ છે. તે બે ભાઇમાં નાનો હતો અને મારવાડી કોલેજમાં એન્જિનીયરીંગમાં અભ્યાસ કરતો હતો. રવિવારની રજા હોઇ બહાર ગયો હતો અને રાતે ઘરે પરત જતી વખતે બીએમડબલ્યુ કાર આ યુવાન માટે કાળ બનની ત્રાટકી હતી. યુવાન આશાસ્પદ દિકરાને ગુમાવનારા નાથાણી-પટેલ પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે. કારચાલક નશો કરેલો હોવાની ચર્ચા હોઇ પોલીસ તપાસ કરી રહી છે.

આ જીવલેણ અકસ્માત સર્જનાર બીએમડબલ્યુ કારના ચાલક આત્મન અક્ષયભાઇ પટેલ હોવાનું અને તે નાના મવા રોડ સિલ્વર હાઇટ્સ સામે કિંગસ્ટોન એપાર્ટમેન્ટમાં રહેતો હોવાનું ખુલ્યું હતું. તેને તાલુકા પોલીસે અટકાયતમાં લઇ પુછતાછ શરૂ કરી છે. કાર ઓવરસ્પીડમાં હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. એફએસએલની મદદથી આ અંગે તપાસ કરવામાં આવશે. તેમ ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇએ જણાવ્યું હતું.

### રાજ્યભરમાં ઓફિસો ખોલીને બેસી ગયા હોય છે કહેવાતા લેભાગુ એજન્ટો

# વિઝાના નામે બાપ-બેટીનું ૩૫ લાખનું ફ્રોડ

## હાર્ડવરેના વેપારીએ પત્નિ સાથે કેનેડા જવાની પ્રક્રિયા કરાવતાં બાપ-દિકરી સહિત ચાર જણાએ તેને ચૂનો લગાવી દીધોઃ રોજબરોજ આવી ઘટના બને છે છતાં જાગૃત નથી થતાં લોકો

રાજકોટ, તા. ૧૦

રાજ્યભરમાં વિદેશના વિઝાના નામે છેતરપીંડી થઇ રહી છે. રોજેરોજ કોઇને કોઇ ગામ કે શહેરના પોલીસ સ્ટેશનમાં આ પ્રકારના ફરીયાદી પહોંચી જતાં હોય છે. લેભાગુ કહેવાતા એજન્ટો વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે સતત ઠગાઇ કરી રહ્યા છે. આમ છતાં લોકો આંધળો વિશ્વાસ કરી એજન્ટોને નાણા ચુકવી દઇ પછી પસ્વાતો કરતાં હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં બાપ-બેટીએ સાથે મળી કેનેડાના વર્ક પરમીટ પીઆર વિઝા અપાવી દેવાના નામે પાંત્રીસ લાખની ઠગાઇ કરી છે. આ બંને સાથે અન્ય બે લોકોની સંડોવણી પણ સામે આવી છે.

વિગતો પર નજર કરીએ તો વિદેશ જવાની લાલચમાં વધુ એક અમદાવાદી વેપારી છેતરપિંડીનો ભોગ બન્યા છે. અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતા ચોત્રીસ વર્ષીય બિઝનેસમેનને કેનેડાના પરમેનન્ટ રેસિડન્સી-પીઆર વિઝા અપાવવાનું કહી ચાર લોકોએ મળીને રૂપિયા પાંત્રીસ લાખનો ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ રાણીપ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ કેસમાં કેનેડા સ્થિત પિતા અને તેની પુત્રી સહિત ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. રાણીપ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ દરિયાપુરમાં હાર્ડવેરની દુકાન ધરાવતા ફરિયાદી વિષ્ણુભાઈ પટેલનો સંપર્ક તેમની સાસુ મારફતે અશ્વિનભાઈ પટેલ નામના શખ્સે કર્યો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ અશ્વિનભાઈએ પોતે કેનેડામાં ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ હોવાનો દાવો કર્યો અને વિષ્ણુભાઈ તથા તેમની પત્નિને સિત્તેર લાખમાં પીઆર વિઝા કરાવી આપવાની ખાતરી આપી. એટલું જ નહીં, તેણે આઇઇએલટીએસ પરીક્ષા પણ સેટીંગથી પાસ કરાવી દેવાનું વચન આપ્યું હતું. અશ્વિનભાઈ પર વિશ્વાસ કરીને વિષ્ણુભાઈએ પ્રારંભિક એડવાન્સ તરીકે પાંત્રીસ લાખ આપવાનું




નક્કી કર્યું હતું. ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમણે દસ લાખ રોકડા અને પચ્ચીસ લાખના પાંચ અનસાઇન્ડ ચેક અશ્વિનભાઈની પુત્રી સુવર્ણાબેન પટેલ ઉર્ફે ટીના પટેલને આપ્યા હતા. આરોપીઓએ કહ્યું હતું કે અશ્વિનભાઈની ગેરહાજરીમાં સુવર્ણાબેન તમામ પેપરવર્ક અને પેમેન્ટ સંભાળશે. વિષ્ણુભાઈએ પોતાના અને પત્નિના પાસપોર્ટ, શૈક્ષણિક દસ્તાવેજો વગેરે પણ વોટ્સએપ પર મોકલી આપ્યા હતા.

આ કારસ્તાનની માહિતી આપતાં પોલીસના જણાવ્યા અનુસાર, ફરિયાદીએ આપેલા પાંચેય ચેક અશ્વિનભાઈ પટેલ, સુરજભાઈ પ્રજાપતિ અને જીગરભાઈ પટેલના અલગ-અલગ ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. આ ટ્રાન્ઝેક્શનની જાણ વિષ્ણુભાઈને પાસબુક ચેક કરતાં થઈ હતી. થોડા અઠવાડિયા પછી આરોપીઓએ જાણ કરી કે આઇઇએલટીએસનું સેટીંગ શક્યું નથી અને વિષ્ણુભાઈએ જાતે જ પરીક્ષા આપવી પડશે. વારંવાર ખાતરી આપવા છતાં પીઆર વિઝાની ફાઈલ આગળ ન વધતા વિષ્ણુભાઈને શંકા ગઈ હતી. આથી જ્યારે તેમણે ઉઘરાણી કરી તો અશ્વિનભાઈએ વિષ્ણુભાઈની સાસુના વોટ્સએપ પર એક નકલી લેબર માર્કેટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ લેટર મોકલીને પ્રક્રિયા ચાલુ હોવાનો દેખાવ કર્યો હતો.

પરંતુ વિષ્ણુભાઈએ ચકાસણી કરતાં આ દસ્તાવેજ બોગસ હોવાનું માલુમ પડ્યું હતું. જ્યારે વિષ્ણુભાઈએ પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે અશ્વિનભાઈ અને સુવર્ણાબેન બંનેએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું અને કેનેડાના વિઝા નિયમો બદલાઈ ગયા છેં તેવા બહાના બનાવવા લાગ્યા. આખરે તેઓએ જવાબ આપવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધુ હતું. ત્યારબાદ વિષ્ણુભાઇને અહેસાસ થયો કે તેમની સાથે ખોટા વચનો અને બોગસ દસ્તાવેજોના આધારે પાંત્રીસ લાખની ઠગાઈ થઈ છે. રાણીપ પોલીસે આ મામલે છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસઘાત અને બનાવટની કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે. આરોપીઓને ટ્રેસ કરવા તેમજ અન્ય કોઈ પીડિતો સાથે આ જ પ્રકારે છેતરપિંડી આચરવામાં આવી છે કે કેમ તેની તપાસ શરૂ કરવામાં આવી છે. આમ વધુ એક વખત વિદેશના વિઝાના નામે ફ્રોડ થઇ ગયું હતું.

### શેરીએ ગલીએ લેભાગુ કહેવાતા પ્રેમીઓ જાળ બીછાવીને બેઠા હોય છેઃ બચતા રહેજો

# વિધર્મીએ સગીરાને બનાવી સગર્ભા

### વારંવાર દેહ પીંખ્યો અને ગર્ભ રહી જતાં ગર્ભપાતની ગોળી આપીઃ દિકરી પાસે માતા આ ગોળી જોઇ જતાં પૃછા કરતાં ચોંકાવનારી વિગતો ખુલીઃ પોલીસે શહેબાઝને ઝડપી લેવા કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૧૦

આજના યુગમાં સોશિયલ મિડીયા કે પછી અન્ય માધ્યમ થકી અથવા તો પીછો કરીને ખોટા દેખાવ કરીને બાળાઓ, સગીરાઓ, યુવતિઓને ભોળવી પહેલા મિત્રતા કરીને અને બાદમાં પ્રેમનો ખેલ ખેલી કે લગ્નની લાલચ આપી ફસાવીને જે તે ભોગ બનનારનો દેહ પીંખી પછી તેને તરછોડી દેવાની કે સગર્ભા બનાવી દેવાની ઘટનાઓ સતત બનતી રહે છે. વારંવાર આવી ઘટનાઓ બનતી રહે છે. વધુ એક ચોંકવાનારી ઘટના સામે આવી છે. જેમાં એક વિધર્મીએ બાળાને પ્રેમજાળમાં ફસાવી હતી. આ પછી વારંવાર તેણીનો દેહ પીંખતા ગર્ભ રહી ગયો હતો. વાત આટલેથી અટકી નહોતી, તેણે ગર્ભપાત કરાવવા ગોળી પણ આપી હતી. જો કે દિકરી પાસે આવી ગોળી જોતાં માતાને શંકા ઉપજી હતી અને અને પૃછા કરતાં તેણે સઘળી હકિકત જણાવતાં પરિવારજનો ચોંકી ગયા હતાં પોલીસે વિધર્મી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના ખેડા પંથકના ઉમરેઠની છે. પરંતુ લેભાગુ તત્વો ગામો ગામ શેરીએ ગલીએ વસવાટ કરતાં હોય છે. તેનું કામ જ બાળાઓ, યુવતિઓને ફસાવવાનું હોય છે. ઉમરેઠ પંથકની એક સગીરાને વિધર્મી યુવકે પ્રેમ જાળમાં ફસાવી અવારનવાર તેણીના ઘરે જઈ દુષ્કર્મ ગુજારતા સગીરા ગર્ભવતી બની હતી. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે વીધર્મી શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ સુત્રોએ કહ્યું કે ઉમરેઠ પંથકના એક ગામમાં રહેતી સોળ વર્ષીય સગીરા રાત્રિના સુમારે જમ્યા બાદ ગોળીઓ લઈ રહી હતી. તેણીની વિધવા માતા જોઈ જતા માતાએ કઈ ગોળીઓ લઉં છું તેમ પૂછયું હતું પરંતુ સગીરા મૌન રહી હતી.

ત્યારબાદ અવારનવાર પૂછપરછ કરતા સગીરાએ માસિક નહીં આવ્યું હોવાનું જણાવ્યું હતું. જેથી તેનું કારણ પૂછતા એકાદ વર્ષ પૂર્વે શહેબાઝ અનવરભાઈ મલેક તેણીને મળી પ્રેમનો પ્રસ્તાવ મુકતા તેણીએ હા પાડી હતી તેમ કહ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તેણી ઘરે એકલી હતી ત્યારે શહેબાઝ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ અવારનવાર શહેબાઝ મલેકે તેણીના ઘરે તેમજ ઘર પાછળ આવેલા ખેતરમાં તેણી સાથે દુષ્કર્મ આચર્યું હોવાથી ગર્ભવતી બની હતી. શહેબાઝ મલેકે પ્રેગનન્સી ટેસ્ટની કિટ આપતા તપાસમાં પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.



**મુશીબત વખતે સહારો આપનારી સખીના પતિને જ યુવતિએ ફસાવ્યો પ્રેમજાળમાં : પરિણીતાએ પત્નિ અને સખીને રંગેહાથ પકડી લીધા**

બળાત્કારને કારણે રહી ગયેલા ગર્ભનો નિકાલ થાય તે માટે શહેબાઝે ગોળીઓ લાવી આપી હોવાની કબુલાત કરતા વિધવા માતા કલ્પાંત કરી ઉઠી હતી. તેણીએ ખંભોળજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શહેબાઝ મલેકને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી. આમ વધુ એક સગીરા એક લેભાગુના કહેવાતા પ્રેમનો ભોગ બની ફસાઇ ગઇ હતી અને શારીરિક શોષણને કારણે સગર્ભા બની ગઇ હતી.

બીજી એક લાલબત્તી સમાન ઘટના જોઇએ તો મુશ્કેલીમાં મુકાયેલી બહેનપણીને મદદ કરવાનું એક પરિણીતાને ભારે પડયું હતું અને તેની બહેનપણી જ તેના માટે મુશીબતનું કારણ બની હતી. આ પરિણીતાના પતિ સાથે બહેનપણીને પ્રેમના પાઠ ભણવાનું ચાલુ કરી દીધુ હતું. પતિ પણ બેવફા બનીને પત્નિની બહેનપણીના ઘરે પહોંચી ગયો હતો. પત્નિ પાછળ પાછળ ત્યાં ગઇ હતી અને બંનેને રંગેહાથ પકડી લીધા હતાં. વડોદરાની આ ઘટના છે. સમા વિસ્તારમાં રહેતી એક પરિણીતા પાસે પાંચ મહિના પહેલાં તેની બહેનપણીએ પરિવારમાં મુશ્કેલી હોવાથી મદદ માંગી હતી. જેથી પરિણીતાએ તેને તમામ -કારની મદદ કરવાની તૈયારી બતાવી ત્રણ મહિના સુધી પોતાને ઘેર રાખી હતી. આ દરમિયાન બહેનપણી અને પરિણીતાના પતિ વચ્ચે પરેમસબંધ બંધાયો હતો.

પોતાની મદદ કરનાર બહેનપણીના પતિ સાથે આડા સંબંધો ન બંધાય તે વાત ભુલી જઇ આ યુવતિએ પોતાની સખી સાથે દગાખોરી કરી હતી. જો કે પરિણીતાને બંનેની વર્તણૂક પરથી શંકા જતાં તેણે બહેનપણીને વિદાય કરી હતી.પરંતુ ત્યારપછી પણ પતિ અને બહેનપણી વચ્ચે સબંધ ચાલુ રહેતાં પરિણીતાએ ઘર બદલી નાંખ્યું હતું. ત્રણ દિવસ પહેલાં પતિ મોડીરાત સુધી પરત નહિ આવતાં અને તેનો ફોન પણ સ્વીચ ઓફ આવતાં પરિણીતાને શંકા ગઇ હતી અને રાતે જ બહેનપણીને ત્યાં પહોંચી જતાં પતિની મોટર સાઇકલ બહાર જ જોવા મળી હતી. રંગેહાથે પકડાઇ ગયેલા પતિ અને બહેનપણીની સાન ઠેકાણે લાવવા પરિણીતાએ અભયમની મદદ લેતાં બંને પ્રેમીઓએ માફી માંગી હતી.

### ક્યારે ખતમ થઇ જાય આ મહામુલી જિંદગી તેની કોઇને ખબર હોતી નથીઃ પાંચ અપમૃત્યુ

# બે વૃધ્ધાએ ટૂંકાવ્યું જીવન

### એકે સળગીને, બીજાએ એસિડ પીને કર્યો આપઘાત : સગર્ભાનું શ્વાસ ચડ્યા બાદ, GRD કર્મચારીનું બેભાન થઇ જતાં, ફાયર બ્રિગેડ કર્મચારીનું દિલની દગાખોરીને લીધે મૃત્યુ

રાજકોટ, તા. ૧૦

અપમૃત્યુની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ પાંચ લોકોની જિંદગીનો અંત આવી ગયો છે. જેમાં એક વૃધ્ધાએ જીવતરની સદી પુરી કર્યા પછી બિમારીથી કંટાળીને અગનપછેડી ઓઢી દુનિયામાંથી વિદાય લઇ લીધી હતી. બીજી ઘટનામાં અન્ય એક વૃધ્ધાએ એસિડ પી આત્મહત્યા કરી લીધી હતી. ત્રીજી ઘટનામાં ફાયર બ્રિડના કર્મચારીનું દિલ તેમને દગો દઇ જતાં તેમનું મૃત્યુ થયું હતું. ચોથી ઘટનામાં શ્વાસ ચડ્યા બાદ સગર્ભાનું મૃત્યુ થયું હતું. જે પરિવારના સભ્યો ઘરમાં નવા સદસ્યના આગમનની રાહમાં હતાં તે પરિવારમાં આ ઘટનાથી શોકની કાલીમા છવાઇ ગઇ હતી. જ્યારે પાંચમા બનાવમાં જીઆરડી તરીકે ફરજ બજાવતાં પ્રૌઢનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતુ.



પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલના નવાગામમાં રહેતાં ૧૦૫ વર્ષના વૃધ્ધાએ અગ્નિસ્નાન કરી આપઘાત કરી લીધો હતો. નવાગામમાં રહેતાં જીવુબેન વાલજીભાઇ સોલંકી નામના વૃધ્ધાએ શરીરે કરોસીન રેડી કાંડી ચાંપી લેતાં ગંભીર રીતે દાઝી જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડ, રવિભાઇ અને પ્રતાપભાઇએ સુલતાનપુર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા જીવુબેની ઉમર એકસો પાંચ વર્ષની હોવાનું સગાએ કહ્યું હતું. તેમને સંતાનમાં બે દિકરી અને પાંચ દિકરા છે. જીવુબેન હાલ એકલા રહેતાં હતાં. તેમને કકવાની બિમારી લાગુ પડી હોઇ કંટાળીને પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું.

અન્ય એક ઘટનામાં શહેરના ગાંધીગ્રામ લાખના બંગલા પાસે ભારતીનગર-૧માં રહેતાં વૃધ્ધાએ એસિડ પી આપઘાત કરી લીધી હતો. ભારતીનગરમાં રહેતાં મધુબેન ધીરૂભાઇ પરમાર નામના પાંસઠ વર્ષના પાૃધ્ધા ઘરે એસિડ પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતકને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડ, રવિભાઇ અને પ્રતાપભાઇએ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મગજ ભમતો હોવાથી પગલુ ભર્યાનું જણાવાયું હતું.

ત્રીજી ઘટનામાં માળીયા હાટીના તાબેના ગળોદર ગામે રહેતાં સગર્ભાનું શ્વાસ ચડ્યા બાદ તબિયત બગડતાં બેભાન થઇ જવાથી મૃત્યુ થઇ ગયું હતું. ગળોદર રહેતાં નીતાબેન સંજયભાઇ રાઠોડ નામના ચોત્રી વર્ષના મહિલા ઘરે હતાં ત્યારે એકાએક શ્વાસ ચડતાં તબિયત બગડી જતાં માળીયા હાટીના દવાખાને અને ત્યાંથી કેશોદ, બાદમાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેણીનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ દ્વારા પોલીસને કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર નીતાબેનના લગ્ન દસ મહિના પહેલા જ થયા હતાં. હાલ તેણીને સારા દિવસો જઇ રહ્યા હતાં અને પેટમાં સાત મહિનાનો ગર્ભ હતો. પતિ ખેતી કરી ગુજરાન ચલાવે છે. પોલીસે મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ચોથા બનાવમાં અમરેલીના નવા વાઘણીયા ગામે રહેતાં અને બગસરા પોલીસ સ્ટેશનમાં જીઆરડી તરીકે ફરજ બજાવતાં પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. અમરેલીના નવા વાઘણીયા ગામે રહેતાં કિરીટભાઇ વલ્લભભાઇ બગથરીયા નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. કિરીટભાઇને સંતાનમાં ત્રણ દિકરા છે. પોતે બે ભાઇ અને એક બહેનમાં નાના છે. બે બહેનના એકના એક નાના ભાઇ હતાં. તેઓ બગસરા જીઆરડીમાં ફરજ બજાવતાં હતાં. પેરેલીસીસ એટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. અમરેલી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પાંચમા બનાવમાં ગાંધીગ્રામ ન્યુ મહાવીરનગર શેરી નં. ૨માં રહેતાં સંજયભાઇ રામજીભાઇ વાઘેલા નામના અઠાવન વર્ષના પ્રૌઢ નોકરી પર જવાનું હોઇ જાગીને તૈયાર થતાં હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડ, રવિભાઇ, પ્રતાપભાઇ સહિતે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સંજયભાઇને સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. પોતે એક બહેન અને બે ભાઇમાં વચેટ હતાં. પોતે રેલનગર ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતાં હતાં. સવારે નોકરીએ જવા માટે તૈયાર થઇ રહ્યા હતાં ત્યારે આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો હતો. આમ પાંચ ઘટનામાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

# દારૂ ઢીંચતા માલિક-મેનેજર-કર્મચારી ઝડપાયા

### દોઢસો ફૂટ રીંગ રોડ પર નવી કોર્ટ નજીક LCB ઝોન-૨નો દરોડો

રાજકોટ, તા. ૧૦

શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર નવી કોર્ટ નજીકની હોટેલમાં દારૂની મહેફીલ ચાલી રહી હોવાની બાતમી પરથી દરોડો પાડી મેનેજર સહિત ત્રણને પકડી લીધા હતાં. આ ત્રણમાં મેનેજર, કર્મચારી અને સાથે હોટેલ માલિક પણ હતાં. દારૂ જૂગારના કેસ શોધવા એલસીબી ઝોન-૨ની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માધાપર ચોકડી પાસે પહોંચતા એક બાતમીદાર થકી ચોક્કસ હકીકત મળી હતી કે ૧૫૦ ફૂટ નવી કોર્ટની સામે આવેલી હોટલ વ્હાઇટ પેલેસના રૂમ નંબર ૧૦૨ની અંદર મહેશ ખાવડુ દ્વારા દારૂની મહેફીલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બાતમી મળતા જ એલસીબી ઝોન-૨ના પીએસઆઇ આર. એચ. ઝાલાની સૂચના મુજબ એએસઆઇ હરપાલસિંહ જાડેજા, હેડકોન્સ. શિવભદ્રસિંહ બાપાલાલ અને



રાહુલભાઈ ગોહેલની ટીમે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસની ટીમે હોટલના ગ્રાઉન્ડ લોર પરના રૂમ નં. ૧૦૨નો દરવાજો ખોલાવ્યો હતો, જ્યાં ત્રણ શખ્સો દારૂની મહેફીલ માણતા મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન ત્રણેય શખ્સોની જીભ થોથરાતી હતી અને તેમના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલાની તીવ્ર વાસ આવતી હતી, તેમજ તેઓ પોતાના શરીરનું સમતોલપણું જાળવી શકતા નહોતા. તેમની પાસેથી દારૂ પીવા માટેનો કોઈ પાસ-પરમિટ મળી આવ્યો નહોતો. પોલીસે રૂમમાંથી ભરત ઉર્ફે મહેશ હેમંતભાઈ ખાવડુ (ઉ.વ.૨૬, ધંધો-હોટલ મેનેજર, રહે-પોરબંદર (હાલેં હાઇટ પેલેસ હોટલ, રાજકોટ), મુસ્તફા મોઇનુદીનભાઈ અન્સારી (ઉ.વ.૩૮, ધંધો-વેપાર, રહે. મનહરપરા-૧, રાજકોટ) અને આનંદ હરેશભાઈ હેરભા (ઉ.વ.૨૦, ધંધો-પ્રા.નોકરી, રહે. બોટાદ, હાલેં વ્હાઇટ પેલેસ હોટલ, રાજકોટ) જણાવ્યા હતાં.

પોલીસ સુત્રોના કહેવા મુજબ મુસ્તુફા હોટેલ માલિક છે, જ્યારે ભરત મેનેજર અને આનંદ કર્મચારી છે. પોલીસે રૂમની તપાસ કરતાં બેડ પાસે ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના ૩ ચપલા મળી આવ્યા હતાં. જેમાંથી બે બોટલો ખાલી હતી, એક સીલબંધ હતી. તેની કિમત રૂ. ૩૦૦ ગણી કાર્યવાહી કરી હતી. રૂમમાંથી ત્રણ કાચના ખાલી ગ્લાસ, અને શીંગ દાળીયાના ખુલ્લા પેકેટો કબ્જે કરવામાં આવ્યા હતા. સમગ્ર મહેફીલનું આયોજન કરી તેમાં સામેલ થવા બદલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે કાર્યવાહી થઇ હતી.

# યુવાનના મોત બાબતે મારકુટ થયાનો પિતાનો આક્ષેપ

### સંત કબીર રોડના સર્વિસ સ્ટેશનમાં કામ કરતો હતોઃ પૈસા મામલે ઉપાડી જઇ માર મરાયાનો આક્ષેપઃ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું

રાજકોટ, તા. ૧૦

વધુ એક શંકાસ્પદ મૃત્યુની ઘટના સામે આવી છે. કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે શ્રી ચામુંડા સોસાયટીમાં રેહતાં મનહરસિંહ જીલુભા સોઢા નામના ત્રેવીસ વર્ષના યુવાન સંત કબીર રોડપર આવેલા ખોડીયાર રેસ્ટોરન્ટ પાસે પ્રિમીયમ સર્વિસ સ્ટેશન ખાતે હતા ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.અહિ પિતાએ દિકરાની હત્યાનો આક્ષેપ કરતાં પોલીસે



તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વિગતો જોઇએ તો મુળ કચ્છના વગડ ગામના આ યુવાન સાથે બે દિવસ પહેલા મારામારી થયાનું અને તેને ઉઠાવી જઇ મારકુટ કરવામાં આવ્યાનો અને મારને કારણે મોત થયાનો પિતાએ આક્ષેપ કરતાં મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. મૃત્યુ પામનાર મનહરસિંહ સોઢા નામના યુવાન ચામુંડા સોસાયટીમાં પરિવાર સાથે રહેતાં હતાં અને ફ્રીઝ રીપેરીંગનું કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તે માતા-પિતાના એકના એક પુત્ર હતાં. તે સંત કબીર રોડના સવિસ સ્ટેશને હતો ત્યારે બેભાન થઇ ગયો હતો. હોસ્પિટલમાં ખસેડાતાં તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

તેના પિતા જીલુભા સોઢાએ જણાવ્યું હતું કે અમે મુળ કચ્છ વાગડના વતની છીએ. મારા દિકરાને સર્વિસ સ્ટેશન ખાતે કામના રૂપિયા બાબતે એક ભરવાડ શખ્સ સહિતના તેને ઉપાડી ગયા હતાં અને માર માર્યો હતો. મારને કારણે તેનું મૃત્યુ થયું છે. પિતાના આક્ષેપને પગલે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

### ગામના પૈસે જીવનમાં લીલાલ્હેર કરવા, મોજ કરવા ચડી ગયા હતાં ફ્રોડના રવાડે

# બે દંપતિએ લોકોને લાખોના શિશામાં ઉતાર્યા

### હાર્ડવેરમાં રોકાણ કરવાથી છ ટકા નફાની લાલચ દઇ એક દંપતિ અઢાર લાખ ખાઇ ગયુંઃ બીજા દંપતિએ હાઉસીંગના મકાનના નામે કરી ચાલીસ લાખની છેતરપીંડી

રાજકોટ, તા.૧૦

બે અલગ અલગ કિસ્સામાં બે દંપતિઓએ ઠગાઇ કરી છે. એક ઠગ દંપતિએ હાર્ડવેરના ધંધામાં વેપારીને દર મહિને છ ટકાનું વળતર આપવાની લાલચ દઇ અઢાર લાખ કટકટાવી લીધા છે. તો બીજી એક ઘટનામાં અન્ય એક ઠગ દંપતિએ હાઉસીંગના મકાનના નામે પચાસ લોકો પાસેથી ચાલીસ લાખ ઉઘરાવી લઇ ચૂનો લગાવી દીધો છે. આ ઠગાઇ કરનાર દંપતિ અભણ છે, પણ ગામને કેવી રીતે છેતરી શકાય તે સારી પેટે બંને જાણતાં હોઇ પૈસાદાર થવા માટે આ ઠગાઇ કરી જરૂરીયાતમંદોને છેતરી લીધા હતાં. આ બંને દંપતિ ગામના પૈસે મોજ કરવા લીલાલ્હેર કરવા ઠગાઇના રવાડે ચડી ગયા હતાં.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદના ઠગ દંપતી સિદ્ધાર્થ રાવલ અને પાયલ રાવલની ઠગાઈનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. બંનેએ ભેગા મળીને હાર્ડવેરનો વેપાર કરતાં વેપારીને અઢાર લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. બંને ઠગબાજોએ વેપારીના ત્યાંથી માલ ખરીદીને નિયમિત પેમેન્ટ આપ્યું હતું. વેપારીને વિશ્વાસમાં લઈને રોકાણ પર છ ટકા દર મહિને વળતર આપવાની લાલચ આપી હતી. વેપારીએ અઢાર લાખ રૂપિયાનું રોકાણ કરતા દંપતી પૈસા લઈને ફરાર થઈ ગયા. આનંદનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી. શેલામાં રહેતા ચિરાગ બદાણી પ્લાયવુડ અને હાર્ડવેરનો વેપાર કરે છે. ચિરાગભાઈનો સંપર્ક તેમના ફુવા દ્વારા સિદ્ધાર્થ રાવલ અને તેની પત્ની પાયલ રાવલ સાથે થયો હતો. સિદ્ધાર્થ અને પાયલ સિલિકોન વેલ્થ મેનેજમેન્ટ અને સિલિકોન રિયલ એસ્ટેટના નામથી વેપાર કરતા હતા. સિદ્ધાર્થનું મકાન રિનોવેશન કરાવવાનું હોવાથી તેમણે ચિરાગભાઈના ઓફિસથી સામાન લીધો હતો.

જેના પૈસા સમયસર ચૂકવી દીધા હતા. સમયસર પૈસા મળતા ચિરાગભાઈને વિશ્વાસ આવ્યો અને બંને વચ્ચેનો સંબંધ સારો થયો હતો. આ દરમિયાન સિદ્ધાર્થે અને તેની પત્ન ીએ ચિરાગભાઈને કહ્યું હતું કે સિલિકોન હેલ્થ મેનેજમેન્ટ અને સિલિકોન રિયલ એસ્ટેટમાં રોકાણ કરશો સારો નફો મળશે. તમારા રોકાણ પર દર મહિને છ ટકા લેખે વળતર આપીશું.ચિરાગભાઈને




વિશ્વાસ આવતા તેમણે ઠગ દંપતિની કંપનીમાં નવ લાખનું રોકાણ કર્યું હતું. જેમાં શરૂઆતના પાંચ મહિના નિયમિત વળતર મળતું હતું. જેથી વિશ્વાસ આવતા વધુ નવ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આમ કુલ અઢાર લાખનું રોકાણ કર્યું હતું. પરંતુ આ રોકાણ પર કોઈ પણ વળતર મળતું નહોતું કે પૈસા પણ પરત મળતા ન હતા. પતિ-પત્ની પૈસા પરત આપવા માટે વાયદાઓ કરી રહ્યા હતા. ચિરાગભાઈ જ્યારે સિદ્ધાર્થના ઘરે ગયા ત્યારે મકાન વેચી દીધું હોવાની પણ જાણ થઈ હતી. સિદ્ધાર્થ અને પાયલ વિરુદ્ધમાં અગાઉ ક્રાઈમ બ્રાન્ચ અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ થઈ હોવાની ચિરાગભાઈને જાણ થઈ હતી. જેથી તેમણે આનંદનગરમાં બંને સામે એફઆઈઆર દાખલ કરાવી છે.

બીજી ઠગાઇમાં પણ આરોપી એક દંપતિ છે. છૂટક મજૂરી કરતા અભણ દંપતીએ સરખેજ, જુહાપુરા અને ફતેવાડીના ગરીબ લોકોને ત્રણ લાખમાં હાઉસિંગ બોર્ડનું મકાન અપાવવાનું કહી વીસ લાખ પડાવ્યા હતા. બુકિંગ પેટે વીસથી વધુ લોકો પાસેથી નાણાં લઈ તેમને બોર્ડના અધિકારીના સહી-સિક્કાવાળી રસીદ પણ આપી હતી. ત્રણ વર્ષથી છેતરતા દંપતીએ પચાસથી વધુ લોકો પાસેથી ચાલીસ લાખથી વધુ રૂપિયા પડાવ્યાની પોલીસ તપાસમાં વિગતો સામે આવી છે. જમાલપુરનાં જોહરા ગુલામમોહંમદ કુરેશીને ફતેવાડીમાં હાઉસિંગનું મકાન અપાવાનું કહી શાહીનબાનુ અને પતિ અનવર સિપાઈએ રૂ. ૧.૮ લાખ પડાવ્યા હતા. એ જ સમયગાળામાં દંપતી દ્વારા ઠગાઈનો ભોગ બનેલા ઘણા લોકો વેજલપુર પોલીસ સ્ટેશન આવતાં પોલીસે બંનેને પકડ્યા છે. દંપતીની પૂછપરછમાં તેમની પાછળ કોઈ ઈકબાલ નામની વ્યક્તિ હોવાનું જણાયું છે.

બીજી તરફ હજુ ઈકબાલ પોલીસના હાથમાં આવ્યો નથી. જે લોકો બુકિંગ માટે આવતા અને ટોકન પેટે રૂપિયા દસથી પચાસ હજાર સુધી આપતા તેમને દંપતી ઈકબાલ સાથે વાત કરાવતા હતાં. ઈકબાલ તેમને બોર્ડના કોઈ અધિકારી સાથે વાત કરાવતો. કેટલાક લોકો તો આ બંને સાથે બોર્ડની ઑફિસે પણ ગયાની માહિતી મળી છે. આથી પોલીસે ઈકબાલને પકડવાની તજવીજ શરૂ કરી છે. એ પછી તપાસનો રેલો બોર્ડની ઓફિસ સુધી પહોંચવાની શક્યતા છે. શાહીનબાનુ અને અનવર પાસે જે લોકો મકાન બુક કરાવતાં, તેમને મ્યુનિનો પ્લોટ બતાવવા ફતેવાડી કેનાલ પાસે લઈ જતા અને ત્યાં બોર્ડનાં મકાન બનશે એમ કહેતા. -ોજેક્ટ પૂરો થતાં ૩ વર્ષ લાગશે તેમ કહી લોકો પાસેથી બુકિંગ પેટે દસ, વીસ, પચાસ હજારથી માંડી એક લાખ સુધી પડાવતા હતા. આમ બે અલગ અલગ કિસ્સામાં બે ઠગ દંપતિએ કઇ રીતે લોકોને ઉલ્લુ બનાવ્યા, મકાનવાંચ્છુઓને છેતર્યા તે સામે આવ્યું હતું.

### રૂડાના સિનિયર ટાઉન પ્લાનિંગ અધિકારી આર.ડી. પરમાર ને સોંપાઈ જવાબદારી

# મનપાને મળ્યા નવા ઈન્ચાર્જ TPO

## સળગતા પ્રશ્નોનો નિકાલ કેવી રીતે આવશે તે રહ્યું જોવાનું, નેક્સેસ બિલ્ડીંગનો મુદ્દો કેવી રીતે હાથ પર લેશે તે સમય જ બતાવશે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ ટાઉન પ્લાનિંગ વિભાગ હાલ અત્યંત દયનીય સ્થિતિમાં જોવા મળી રહ્યું છે ટીઆરપી અગ્નિકાંડ બાદ સાગઠીયા ની સંડોવણી ખોલતા આ જગ્યા ઇન્ચાર્જના હવાલે જ ચાલતી હતી ત્યારે ફરી એક વખત રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગનો ચાર્જ ઇન્ચાર્જને સોપાયો છે રૂડાના સિનિયર ટાઉન પ્લાનિંગ ઓફિસર આર.ડી પરમારને મનપાની જવાબદારી સોંપાઈ છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ટીપીના સળગતા પ્રશ્નોને કઈ રીતે સંભાળશે. હાલ ટીપી વિભાગ માટે અત્યારે કોઈ પ્રશ્ન હોય તો તે નેક્સસ બિલડીંગનો છે. અધરતાલ રહેલ બિલ્ડીંગનો મુદ્દો કેવી રીતે ઉકેલશે એ પણ સૌથી મોટી બાબત છે. હાલ ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી જાણે શ્રાપિત થઈ ગઈ હોય તેવું જોવા મળી રહ્યું છે કારણ કે આજ દિન સુધી જ્યારથી ટીઆરપી અગ્નિ કાંડની ઘટના થઈ ત્યારબાદ કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય તેનું યોગ્ય ઉકેલ ટાઉંટાની વિભાગમાં જોવા મળ્યો નથી. આગામી સમયમાં આ અંગે જો યોગ્ય વ્યવસ્થા મૂકવામાં નહીં આવે તો ટીપી વિભાગની કામગીરીને ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ શકે છે મળતી માહિતી મુજબ અત્યારે અધડતાલ રહેલો જો કોઈ મુદ્દો હોય તો તે નેક્સ્સ બિલ્ડીંગનો છે જેને તત્કાલીન ઇન્ચાર્જ ટાઉન પ્લાનિંગ અધિકારી કિરણ સુમરાએ પદ વચ્ચે મૂકી તેમની બદલી થઈ ચૂકી છે ત્યારે હાલ સીલીંગ કરનાર ટાઉન પ્લાનિંગના અધિકારી હેતલ સોરઠીયા એ પણ આ મુદ્દા અંગે કોઈ નિર્ણય ન લેવાનું નક્કી કર્યું છે. ત્યારે હવે નવા ઇન્ચાર્જ ટાઉન પ્લાનિંગ અધિકારી દ્વારા સુ પ્રકારના પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

મ્યુનિ. કોર્પોરેશનમાં ડે.કમિશનર, સીટી ઇજનેરો, ટીપીઓ સહિતના



અધિકારીઓનો વહીવટ ઇન્ચાર્જથી ચાલી રહ્યો છે ત્યારે સરકારે વધુ એક વખત ઇન્ચાર્જ ટાઉન પ્લાનિંગ ઓફિસર આપ્યા છે. થોડા દિવસો પહેલા પૂર્વ ઇન્ચાર્જ ટીપીઓ સુમરાએ પોતાનો ચાર્જ છોડયો હતો. પરંતુ સરકારે નવા કોઇ અધિકારીને ચાર્જ આપ્યો ન હતો. હવે બે દિવસ પહેલા સરકારે રૂડામાં એસટીપીઓ તરીકે ફરજ બજાવતા અધિકાર આર. ડી.પરમારને કોર્પો.નો ચાર્જ પણ સોંપ્યો છે. મહાપાલિકામાં હાજર થઇને આ ચાર્જ સંભાળ્યો હતો. ડિમોલીશનની નોટીસો, ગેરકાયદે બાંધકામની સેંકડો ફરિયાદો, ઇમ્પેકટ ફીની બાકી કામગીરી સહિતના પડકાર તેમના માટે પણ મોટા થઇને જ રહેવાના છે.

રાજ્ય સરકારે પણ ટાઉન પ્લાનિંગ અધિકારીઓની બદલી ના હુકમો કર્યા હતા ત્યારે લાગતું હતું કે રાજકોટ મહાનગરપાલિકાને કાયમી ટીપીઓ મળશે પરંતુ તે વાતનો પણ છેદ ઉડી ગયો છે અને અત્યારે હાલ મહાનગરપાલિકા પાસે ઇન્ચાર્જના વાલે ટીપી વિભાગ જોવા મળી રહ્યું છે ત્યારે અત્યારે રૂડામાં કાર્યરત સિનિયર ટાઉન પ્લાનિંગ ઓફિસર આર ડી પરમારને મહાનગરપાલિકાનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે ત્યારે જોવાનું એ રહ્યું કે આગામી દિવસમાં આર. ડી પરમાર દ્વારા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવશે. હાલ તેઓએ ચાર્જ સંભાળી લીધો હોવાનું જાણવા મળ્યું છે પરંતુ તેમના માટે આ પગલું અત્યંત ભારે હશે કારણ કે તેઓએ સળગતા મુદ્દાઓ સાથે સીધો જ સામનો કરવાનો છે જેને લઇને ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા હવે જોવાનું એ રહ્યું કે આવનારા સમયમાં કયા પ્રકારની કામગીરી ટાઉન પ્લાની વિભાગમાં થશે શું પેન્ડિંગ રહેલા પ્રશ્નોનો નિકાલ આવશે કે હજુ પણ સ્થિતિ યથાવત જોવા મળશે.

# પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે ૭.૫૬ કરોડનો કોન્ટ્રાક્ટ

## સ્ટેન્ડિંગમાં દરખાસ્ત : ૩૫ હંગામી ઇજનેરોની થશે ભરતી

રાજકોટ, તા. ૧૦

મહાનગરપાલિકા ની તમામ કામગીરી સરળ બને તે માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની સ્થાપના કરવાનો નિર્ણય મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવ્યો છે એટલું જ નહીં આ યુનિટ નું સંચાલન કરવા માટે ૭.૫૬ કરોડનો કોન્ટ્રાક્ટ પણ આપવામાં આવ્યો છે ત્યારે આ અંગેની દરખાસ્ત આજની સ્ટેન્ડિંગ કમિટીમાં ચર્ચા હશે ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ દરખાસ્ત અને મંજૂર પણ કરવામાં આવશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે મળતી માહિતી મુજબ મહાનગરપાલિકામાં કાર્યરત થયેલ આ વિભાગમાં ૩૫ ઇજનેરોની ખાસ ભરતી કરવામાં આવશે જે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર હશે અને તે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટને અસ્તિત્વમાં લાવવા માટે પીએમયુની નિમણૂક કરવા પ્રપોઝલ પણ કરવામાં આવ્યું છે અને જેની ઓનલાઇન ટેન્ડર પ્રસિદ્ધિ પણ થઈ ચૂકી છે ત્યારે હવે આ કાર્ય માટે આઠ એજન્સીઓએ રસ દાખવ્યો છે. હાયર સ્કોર એજન્સી ડિલોટી ટચ તોહમાત્સુ ઇન્ડિયા એલએલપીને કામ આપવા મુલ્યાંકન સમિતિએ નિર્ણય લીધો છે. જેના માટે અલગ અલગ પોસ્ટ સાથે એજન્સીને બે વર્ષનો ૭.૬૭ કરોડનો મોટો કોન્ટ્રાકટ આપવાની દરખાસ્ત આજની સ્ટે.કમીટીમાં મુકવામાં આવી છે.

આ કંપનીને જીએસટી સહિતના ભાવ સાથે આટલી રકમનું ચુકવણું કરવાનું થશે અને સંતોષકારક કામ હોય તો મુદતમાં બે વર્ષનો વધારો પણ કરી આપવાની ભલામણ કરવામાં આવી છે. પ્રોજેકટ ડિરેકટરની એક જગ્યા, પ્રોજેકટ મેનેજર/અર્બન મેનેજરની પાંચ જગ્યા, ટેકનીકલ સપોર્ટ સ્ટાફની બે અને એક સપોર્ટ સ્ટાફ મળી નવ જગ્યા લેવાની છે. જેમાં તમામ ઇજનેરોની ભરતી ૨૪-૨૪ મહિના માટે કરાશે. તેઓનો માસિક, વાર્ષિક અને બે વર્ષનો કુલ ચાર્જ ૭,૬૭,૪૭,૩૪૧ થશે. જેની મંજુરી સ્ટે. કમીટી પાસે માંગવામાં આવી છે.

પીએમયુની કામગીરીમાં સરકારની વિવિધ ગ્રાન્ટના પ્રોજેકટસના કામોના આયોજન, ટેન્ડરથી માંડી લોકાર્પણ સુધીનો સમાવેશ થાય છે. જુદા જુદા રીપોર્ટ તૈયાર કરવા, જમીન સહિતની બાબતોની કચેરીઓ પાસેથી મંજુરીઓ મેળવી, લાઇન અને પોલ શીફટીંગ, સોફટવેરથી દૈનિક મોનીટરીંગ સહિતનો સમાવેશ થાય છે. કોર્પો.એ હાલ આ વિભાગનું કામ શરૂ કરી દીધુ છે અને ઇજનેરોની ૧૧ મહિનાની ભરતી કરી છે. જેના સંપૂર્ણ સંચાલન માટે હવે કંપની રોકવામાં આવશે. પરંતુ આ કામગીરી અને આ યુનિટ જો સુચારું રૂપથી ચાલશે તો મહાનગરપાલિકાની કામગીરી ઘણાખરા અંશે હળવી થઈ જશે અને લોકોને પણ તેનો સીધો જ લાભ મળશે અત્યારે કોઈ પણ ટેન્ડર અને પ્રોજેક્ટ માટે સંબંધિત શાખા નો સંપર્ક સાધવો પડે છે અને તેમાં પણ ઘણી ઘણી વિગતો મળતી નથી ત્યારે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ ની શરૂઆત થતા ની સાથે જ હવે એક જ સ્થાન ઉપર જે ચાલતો પ્રોજેક્ટ હોય અથવા તો પ્રોજેક્ટ શરૂ થવાનો હોય તેની કોસ્ટિંગ કેટલી તેનું ટેન્ડર કેટલું કેટલા સમયમાં પૂર્ણ થશે તે તમામ જવાબો એક જ સ્થળેથી મળી રહેશે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ ખૂબ મહત્વનું પુરવાર થઈ શકે તેમ છે.

### પેવર બ્લોક સહિતના વિવિધ કામોની દરખાસ્ત : વોટર વર્ક્સના સૌથી વધુ કામો

# 52 દરખાસ્ત સાથેની સ્ટેન્ડિંગ બેઠક

રાજકોટ, તા. ૧૦

મહાનગરપાલિકા દ્વારા વિકાસકામો હાથ ધરવામાં આવતા હોય તો તે માટે સ્ટેન્ડિંગમાં દરખાસ્ત કરવી અનિવાર્ય છે ત્યારે દર વખતે સ્ટેન્ડિંગ કમિટીમાં ખૂબ મોટા પ્રમાણમાં દરખાસ્તો ને મંજૂર કરવામાં આવતી હોય છે અને કરોડો રૂપિયાના ખર્ચને બહાલી આપવામાં આવે છે ત્યારે હજુ સુધી કેટલા કામો મંજૂર થયા કેટલા કામો શરૂ થયા તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ત્યારે હવે જોવાનું એ રહ્યુ કે જો આ અંગે હજુ કોઈ પ્રશ્ન ઊભા થશે તો શું પગલાં લેવા.

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની મીટીંગ આજે મંગળવારે ચેરમેન જયમીન ઠાકરે બોલાવી છે. જેમાં ઇસ્ટ ઝોનમાં રહેલા અર્ધો ડઝન વોર્ડમાં જુદી જુદી સોસાયટીના રસ્તા, યુટીલીટી રોડ રીસ્ટોરેશન અને ટીપી રોડમાં મેટલીંગ કરવા ૯.૬૬ કરોડનો કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત આવી છે.તો અલગ અલગ વોર્ડમાં પાર્ટ ટાઇમ સફાઇ કામદારો મારફત સફાઇ અને કચરો ઉપાડવાના કામના કોન્ટ્રાકટની મુદત વધારવા તથા નવો દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવા પણ દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા ચોમાસા બાદ એકશન પ્લાન અંતર્ગત ત્રણેય ઝોનમાં નવા રોડ રસ્તા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત વેસ્ટ ઝોનમાં છ વોર્ડમાં નવા પેવર સહિતના કામો શરૂ થયા છે ત્યારે હવે ઇસ્ટ ઝોનના વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં જૂદી જૂદી સોસાયટીના યુટીલીટી રોડનું રીસ્ટોરેશન અને ટીપી રોડ પર મેટલીંગ કરવાનુ ટેન્ડર મંજૂર કરવામાં આવ્યુ છે. ૧૪.૦૪ ટકા ઓછા ભાવથી પવન ક્નસ. કંપનીએ આ કામ કરકવા તૈયારી દર્શાવી છે. છ વોર્ડમાં અમૃત-૨.૦ યોજના અંતર્ગત ડીઆઇ પાઇપ અને ડ્રેનેજ પાઇપ લાઇનનુ કામ પૂર્ણ થયુ હોય અને હવે રૂા.૧૧.૨૫ કરોડના ખર્ચે મેટલીંગ અને પેવર કામ કરવાની દરખાસ્ત આવતીકાલની સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે.



ન્યારી ડેમ ખાતે ૧૫૦ એમએલડીનો ઇન્ટેક વેલ બનાવવાના કામ માટે ૧૪.૫૩ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા જેમાં ફિનીકસ પ્રોજેકટ લી.એ અન્ય એજન્સીથી ઓછી છતાં ૨૮.૩૨ ટકા વધુ ઓન માંગતા ૨૧.૮૯ કરોડના ખર્ચે આ કામ આપવા દરખાસ્ત આવી છે. ન્યારી ઝોન, ભાદર ઝોન, હડાળા, બેડી, ન્યારાના પમ્પીંગ સ્ટેશન અને ફિલ્ટર પ્લાન્ટ સહિતના મેન્ટેનન્સ, નવી પાઇપલાઇનનું કામ કોન્ટ્રાકટથી ચાલે છે. તેના નવા ભાવ મંગાવી નવા ઝોનલ કામની દરખાસ્ત મુકવામાં આવી છે. આ કામોમાં ઓન ૩૬ ટકાથી ૫૪ ટકા સુધી આવી છે.

વોર્ડ નં.૧૨માં ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં રસ્તાઓ મેટલીંગ તેમજ નવા ભળેલા વિસ્તારમાં ડિવાઇડર તથા ત્રણેય ઝોનમા અલગ અલગ વિસ્તોરમાં સમાવેશીટ પાર્ટ ટાઇમ સફાઇ કામાદરોની કોન્ટ્રાક્ટની મુદતમાં વધારો કરવાની એક સાથે ૧૧ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. અલગ અલગ પપીંગ સ્ટેશન ઓપરેશન અને મેન્ટનેસ કામો તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે ૨ સકશન મીશન અને અલગ અલગ અધિકારી અને કર્મચારીઓને આર્થિક તબીબી સહાય અંગે સહિતની દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. કાલની મીટીંગના એજન્ડા પર કુલ પર દરખાસ્તો પર નિર્ણય કરવામાં આવશે.

જોવાનું એ રહ્યું કે આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ પર દરખાસ્તને બહાલી આપવામાં આવે છે કે દરખાસ્તો અને પેન્ડિંગ રાખવામાં આવશે કે અભ્યાસ અર્થે પણ મુલતવી રખાશે તે હવે જોવાનું રહ્યું પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ અને ચૂંટણી વર્ષ હોવાના પગલે અત્યારે મહાનગરપાલિકા એ તમામ વિકાસ કામોની ભેટ રાજકોટના લોકોને આપવા માંગે છે જેનો તેઓ સારી રીતે ઉપયોગ કરી શકે. અને મહાનગરપાલિકાની હાલ જે સ્થિતિ ઊભી થઈ છે તેના પર કેવી રીતે કાબુ મેળવી શકાય તે પણ જોવાનું રહ્યું.

# મનપાના ડેપ્યુટી કમિશનર પદે હર્ષદ પટેલ

## ઇજનેરોની ભરતી પ્રક્રિયા અધારતાલ : બે ઇજનેરની ભરતીમાં ગેરરીતિની વાતો આવી હતી બહાર : પ્રદેશ કક્ષાએ મુદ્દો ગાજયો

રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાપાલિકામાં ડે.કમિશનરની ત્રણે ઝોનની કાયમી ત્રણ જગ્યા અને સેન્ટ્રલ ઝોનમાં નિયુકત કરાયેલા ઇન્ચાર્જ ખાસ ડે.કમિશનરની વ્યવસ્થા વચ્ચે માત્ર એક કાયમી નાયબ કમિશનર ફરજ બજાવી રહ્યા છે. ગઈકાલે પદાધિકારીઓની સમિતિની મીટીંગમાં નાયબ કમિશનર તરીકે સેન્ટ્રલ ઝોનમાં ઇન્ચાર્જ ડે.કમિશનર તરીકે ફરજ બજાવતા હર્ષદભાઇ પટેલની પસંદગી પર સર્વસંમતિ સાધવામાં આવી હતી.

મહત્વનીવાત તો એ છે કે હાલ સિટી ઇજનેરોની ભરતી પણ મહત્વની માનવામાં આવતી હતી પણ ખાસ વાત એ છે આ મુદ્દો ફરી અધરતાલ થઈ ગયો છે અને ભરતી પ્રક્રિયા અટકી ચૂકી છે. પાંચ સીટી ઇજનેરોની ભરતી માટે ઇન્ટરવ્યુ થઇ ગયા બાદ મનપાના સત્તાધીશોએ ભરતી પ્રક્રિયા પડતર રાખી દીધી છે. હવે વર્ગ-૧ના સીટી ઇજનેરોની ભરતી ચાલુ ટર્મમાં થવા સામે પ્રશ્નાર્થ આવી ગયો છે. જોકે હવે વર્તમાન ટર્મની મુદ્દત સંભવિત મોડી ચૂંટણીના કારણે ફેબ્રુઆરી સુધી લંબાઇ તેમ હોય, આ ભરતી પ્રક્રિયા હજુ કેન્સલ જાહેર કરવામાં આવી નથી. પરંતુ મોકુફ રાખવાની નોંધ કરવામાં આવી છે.

મહાનગરપાલિકામાં ત્રણ મહિના પહેલાં નાયબ કમિશનર અને પાંચ સિટી એન્જિનિયરની ભરતી માટે જાહેરાત કરવામાં આવી હતી ત્યારબાદ પસંદ કરાયેલા નામો શાસકોની ઓફિસર્સ સિલેકશન કમિટીને બંધ કવરમાં મોકલી આપવામાં આવ્યા હતાં . જેમાં એક થી બે ઈજનેરોના નામ અંગે વિવાદો થતા આ પ્રક્રિયા હોલ્ડ ઉપર મૂકી દીધી. ભરતી પ્રક્રિયામાં લેતી દેતી થઈ હોવાનું જણાય રહ્યું છે. જે મામલે ઘણા વિવાદ થયા હતા અને આ મુદો વધુ વિકરાળ ન બને તે માટે હાલ આ ભરતી સ્થગિત થઈ ગઈ હતી. નવરાત્રી આસપાસ જ ઇજનેરોની પૂરી ભરતી પ્રક્રિયા વિવાદમાં આવવા લાગી હતી. ઓકટોબર મહિનામાં પદાધિકારીઓની સમિતિ પસંદગી ફાઇનલ કરે તેવી શકયતા વચ્ચે એક-બે



ઇજનેરની ભરતીમાં ફિકસીંગ થયાની વાતો બહાર આવી હતી અને છેક પ્રદેશ ભાજપ સુધી પડઘા પહોંચ્યા હતા.

ચૂંટણીને હવે થોડો સમય બાકી છે ત્યારે આવી વિવાદી ભરતી ન કરવા મત વ્યકત થયો હતો અને પ્રદેશમાંથી જ દિવાળી પહેલા આવી સૂચના સાથેનું માર્ગદર્શન આવી ગયું હતું. આથી ડે.કમિશ્નરની ભરતી થશે અને સીટી ઇજનેરોની ભરતી પેન્ડીંગ થશે તે નકકી બન્યું હતું.

દરમ્યાન ગઈકાલે મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, શાસક નેતા લીલુબેન જાદવની હાજરીમાં સમિતિની મીટીંગ મળી હતી જેમાં જે જગ્યા પર કોઇ વિવાદ ન હતો અને જેઓએ કોર્પો.માં ત્રણ દાયકાથી બિનવિવાદાસ્પદ ફરજ બજાવી છે તેવા હર્ષદભાઇ પટેલને ડે.કમિશનર તરીકે પસંદ કરવા નિર્ણય લેવાયો હતો. આ પસંદગીને મ્હોર મારીને રવાના કરી દેવાઇ છે. તો સીટી ઇજનેરોની સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પેન્ડીંગ રાખવા નકકી કરાયું છે.

મનપામાં એક એક્ઝિક્યુટિવ એન્જિનિયર, બે એડિશનલ સિટી એન્જિનિયર અને બે સ્પેશિયલ સિટી એન્જિનિયરની ખાલી જગ્યા માટે ભરતી બહાર પાડી હતી. જેના ઇન્ટરવ્યુ કમિશનરે ખાસ નિષ્ણાંત આઇએએસ સહિતના અધિકારીઓની હાજરીમાં લીધા હતા.

કમિશ્નરે પાંચ ઉમેદવાર નક્કી કરી ઓફિસર્સ સિલેકશન કમિટીમાં નામ મોકલ્યા હતા. બાદ ભરતી ફાઇનલ થાય તે માટે ઇન્તેજારી કોર્પો.માં હતી. ત્યારે તટસ્થ અને સર્વ સ્વીકાર્ય પ્રમાણિક અધિકારી હર્ષદભાઇ પટેલનુ નામ ફાઇનલ કરાતા કોર્પો.ને ચેતન નંદાણી બાદ વધુ એક સ્થાનિક પ્રમાણિક અધિકારી મળ્યા છે. તો સરકારમાં બદલી બાદ ડે.કમિશનરની આઇએએસ કક્ષાની જગ્યા હજુ ખાલી પડેલી છે. કોર્પો.માં હાલ એક માત્ર કાયમી સીટી ઇજનેર પી.ડી.અઢીયા છે. ત્રણે ઝોનના સીટી ઇજનેર ઇન્ચાર્જ છે. આથી હવે નવી બોડી જ ઇજનેરોની નવી ભરતી કરે તેમ પણ સમજવામાં આવે છે.